દરરોજ સવારે સુરત થી પ્રસિદ્ધ થતું

દૈનિક મુંબઈ તરંગ ™

RNI No. GUJGUJ/2023/87728

www.mumbaitarang.com

❖ વર્ષ - 2 ❖ અંક - 211 ❖ સોમવાર 12 મે 2025 ❖ તંત્રી : દિલીપ નાનજીભાઈ પટેલ ❖ પાનાં 8 ₹3/-

### આજ નો સુવિચાર

માર્ગમાં સંકટો નડ્યા તેમાં, દુનિયાને રસ નથી, તમે નાવ કિનારે લાવ્યા કે નહિ તેમાં રસ છે.

### ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ પર સલમાનની ટ્વિટ બાદ હોબાળો, પોસ્ટ ડિલીટ કરવી પડી; એક્ટરના બહિષ્કારની માંગ ઊઠી



## સંક્ષિપ્ત સમાચાર

### ભારતની સૈન્ય કાર્યવાહીમાં 100 આતંકવાદી અને પાકિસ્તાનના 35થી 400 જવાનોના મોત

ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને PoK સ્થિત આતંકી ઠેકાણાઓને ટાર્ગેટ કર્યા હતા. જેમાં ભારતને મોટી સફળતા મળી હતી. જ્યારે રવિવારે (11 મે, 2025)ના રોજ ભારતની ત્રણેય સેનાના DGMO, DGAO, DGNOએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને ઓપરેશન સિંદૂર અંગે વિસ્તૃત માહિતી આપી હતી. DGMO રાજીવ ઘઈએ જણાવ્યું હતું કે, ભારતીય સેના દ્વારા 9 આતંકી ઠેકાણાઓને નિશાનો બનાવ્યો અને 100થી વધુ આતંકીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. જેમાં કંધાર હાઈજેક અને પુલવામાં હુમલામાં શામિલ યુસુફ અજહર, અબ્દુલ મલિક અને મુદસ્સિર અહમદ જેવા આતંકવાદીઓને પણ સામેલ છે.

મિલિટ્રી ઓપરેશનના ડાયરેક્ટર જનરલ રાજીવ ઘઈએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન તરફથી કરાયેલા ગોળીબારનો ભારતે ઝડબાતોડ જવાબ આપ્યો છે. આ ઓપરેશનમાં જવાબી કાર્યવાહીમાં ભારતીય સેનાએ ખાલ LoC પર જ પાકિસ્તાની આર્મીના 30-40 જવાનો-ઓફિસરને માર્યા છે.

## 'ઓપરેશન સિંદૂર' હજુ યથાવત્, ટૂંક સમયમાં વિસ્તૃત માહિતી આપીશું: ભારતીય વાયુસેનાનું સત્તાવાર નિવેદન




ભારત-પાકિસ્તાનના તણાવ વચ્ચે શનિવારે (10 મે) સીઝફાયરની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, સીઝફાયરના ત્રણ કલાકમાં જ પાકિસ્તાને ફરી હુમલો કરવાનું શરૂ કરી દીધું હતું, જેનો ભારતે વળતો જવાબ આપ્યો હતો. આ દરમિયાન ભારતીય વાયુસેનાનું મોટું નિવેદન સામે આવ્યું છે. ભારતીય વાયુસેનાએ સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાણકારી આપતા કહ્યું કે, 'ઓપરેશન સિંદૂર' હજુ શરૂ છે. આવનારા સમયમાં તેને લઈને જાણકારી આપવામાં આવશે.'ઓપરેશન સિંદૂર' યથાવત ભારતીય વાયુસેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ઓપરેશન શરૂ રહોવાની જાણકારી આપતા લખ્યું કે, ભારતીય વાયુસેના (IAF)એ ઓપરેશન સિંદૂરમાં પોતાના નિર્ધારિત કાર્યોને સટીકતા અને વ્યવસાયિકતા સાથે સફળતાપૂર્વક અંજામ આપ્યો છે. ઓપરેશન રાષ્ટ્રીય હેતુના અનુરૂપ સમજી-વિચારી અને વિવેકપૂર્ણ રીતે સંચાલિત કરવામાં આવ્યું છે. જોકે, ઓપરેશન હજુ શરૂ છે, તેથી આ યોગ્ય સમયે તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવશે.'

## 'પાકિસ્તાન યુદ્ધવિરામનો ભંગ કરે તો સેનાને જવાબ આપવા આદેશ આપી દેવાયા', ઓપરેશન સિંદૂર પર ભારતની ત્રણેય સેનાએ શું-શું કહ્યું

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને PoKમાં આતંકવાદીઓના નવ ઠેકાણા પર સ્ટ્રાઈક કરી હતી. જે બાદ પાકિસ્તાને અનેક વખત ડ્રોન તથા મિસાઈલ વડે હુમલાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ પણ આપ્યો. એવામાં 10મી મે, 2025ના રોજ બંને દેશોએ સાંજે 5 વાગ્યાથી સંઘર્ષ વિરામ લાગુ કર્યું છે. એવામાં આજે(11 મે) ભારતની ત્રણેય સેનાના DGMO, DGAO, DGNOએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને ઓપરેશન સિંદૂર અંગે વિસ્તૃત માહિતી આપી.

ભારતની ત્રણેય સેનાની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ

ભારત દ્વારા હાલમાં કરાયેલા ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાન સાથે તણાવને લઈને એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં



ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈ, ભારતીય વાયુસેનાના ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ (DG Air Ops) એર માર્શલ અવધેશ કુમાર ભારતી અને ભારતીય નૌકાદળના ડાયરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ (DGNO) વાઈસ એડમિરલ એએન પ્રમોદનો સામેલ હતા. પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં શિવતાંડવની ધૂન સંભળાઈ હતી.

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને PoKમાં આતંકવાદીઓના નવ ઠેકાણા પર સ્ટ્રાઈક કરી હતી. જે બાદ પાકિસ્તાને અનેક વખત ડ્રોન તથા મિસાઈલ વડે હુમલાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ પણ આપ્યો. એવામાં 10મી મે, 2025ના રોજ બંને દેશોએ સાંજે 5 વાગ્યાથી સંઘર્ષ વિરામ લાગુ કર્યું છે. એવામાં આજે(11 મે) ભારતની ત્રણેય સેનાના DGMO, DGAO, DGNOએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને ઓપરેશન સિંદૂર અંગે વિસ્તૃત માહિતી આપી.

ભારતની ત્રણેય સેનાની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ

ભારત દ્વારા હાલમાં કરાયેલા ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાન સાથે તણાવને લઈને એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ હતી.

આ પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈ, ભારતીય વાયુસેનાના ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ (DG Air Ops) એર માર્શલ અવધેશ કુમાર ભારતી અને ભારતીય નૌકાદળના ડાયરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ (DGNO) વાઈસ એડમિરલ એએન પ્રમોદનો સામેલ હતા. પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં શિવતાંડવની ધૂન સંભળાઈ હતી.

ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈએ જણાવ્યું હતું કે, 'ઓપરેશન સિંદૂરનો ઉદ્દેશ્ય માત્ર આતંકવાદીઓનો ખાતમો કરવાનો હતો. અમે 100 આતંકવાદીઓને ખતમ કર્યા.

## ઓપરેશન સિંદૂરમાં IC-814 પ્લેન હાઈજેક અને પુલવામા હુમલાનું ષડ્યંત્ર રચનારા ઠાર: ભારતીય સેના

ભારતીય સેનાએ રવિવારે પ્રેસ કોન્ફરન્સ યોજીને 7 મે ના રોજ કરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર'ની સિદ્ધિઓ વિશે વિસ્તાર પૂર્વક માહિતી આપી હતી. ભારતીય સેનાના 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં આતંકીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરીને 9 આતંકવાદી છાવણીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. ભારતીય સેનાના ડાયરેક્ટર જનરલ મિલિટરી ઓપરેશન્સ (DGMO) લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ રવિવારે માહિતી આપતાં કહ્યું કે, 'આ ઓપરેશનમાં 100 થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે, જેમાં IC-814 વિમાન હાઈજેકિંગનો માસ્ટરમાઈન્ડ અને પુલવામા હુમલાના ગુનેગારોનો સમાવેશ થાય છે.'

તેમણે વધુમાં કહ્યું કે, 'મને એ વાત પર કોઈ શંકા નથી કે અમે એક સંપૂર્ણ આશ્ચર્યજનક એટેક કર્યો હતો' 9 આતંકવાદી ઠેકાણાઓ પર કરવામાં આવેલા આ હુમલાઓમાં 100 થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે, જેમાં કેટલાર હાઈ વેલ્યુ ટારગેટ પણ સામેલ છે. સેનાની આ એર સ્ટ્રાઈકમાં યુસુફ અઝહર, અબ્દુલ મલિક રૌફ અને મુદાસિર અહેમદને ઠાર માર્યા હતા. ઉલ્લેખનીય છે કે, યુસુફ અઝહર IC-814 હાઈજેકિંગનો માસ્ટરમાઈન્ડ હતો અને તે જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલો છે.

## યુદ્ધપોત અને સબમરીન સાથે કરાંચી પર હુમલા માટે તૈયાર હતી નૌસેના : DGNOનું નિવેદન

ભારતની ત્રણેય સેનાઓએ રવિવારે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજીને 7 મેના રોજ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં 9 આતંકવાદી છાવણીઓ પર કરવામાં આવેલા હવાઈ હુમલા અને ત્યારબાદ ઉભી થયેલી પરિસ્થિતિમાં પાકિસ્તાન વિરુદ્ધ તેમની કાર્યવાહી વિશે માહિતી આપી હતી.

માત્ર ભારત સરકારના નિર્દેશોની રાહ જોવાતી હતી...

સેનાની આ પ્રેસ કોન્ફરન્સમાં નેવલ ઓપરેશન્સના ડિરેક્ટર જનરલ (DGNO) વાઈસ એડમિરલ એએન પ્રમોદે કહ્યું કે, ભારતીય નૌસેના 9 મેની



રાત્રે પાકિસ્તાનના દરિયાઈ સરહદમાં તેમના સૈન્ય સ્થાનો, કરાંચી બંદર સહિત જમીન પર પસંદગીના ક્ષેત્રો પર હુમલો કરી નાશ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર હતી. માત્ર ભારત સરકારના નિર્દેશોની રાહ જોઈ રહ્યું હતું.

વાઈસ એડમિરલ એએન પ્રમોદે કહ્યું કે, 'ભારતીય નૌસેના આ બધું કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે.'

જવાનો, યુદ્ધ જહાજો, સબમરીન અને ફાઈટર એરક્રાફ્ટને સમુદ્રમાં તૈનાત કરાયા

ઓપરેશન સિંદૂર પર ત્રણેય સેવાઓની સંયુક્ત પ્રેસ બ્રીફિંગ દરમિયાન વાઈસ એડમિરલ એએન પ્રમોદે જણાવ્યું હતું કે, '22 એપ્રિલના રોજ પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદીઓ દ્વારા જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા કાયરતાપૂર્ણ હુમલા બાદ ભારતીય નૌસેના તાત્કાલિક તેના જવાનો, યુદ્ધ જહાજો, સબમરીન અને ફાઈટર એરક્રાફ્ટને સંપૂર્ણ યુદ્ધ તૈયારી સાથે સમુદ્રમાં તૈનાત કરી દીધા હતા.'

અરબી સમુદ્રમાં યુદ્ધ જહાજોની તૈયારીનું પરીક્ષણ કરાયું

તેમણે વધુમાં જણાવ્યું કે,'અમે આતંકવાદી હુમલાના 96 કલાકની અંદર અરબી સમુદ્રમાં અમારા શસ્ત્રો અને યુદ્ધ જહાજોની તૈયારીનું પરીક્ષણ કર્યું અને અમારા દળો ઉત્તર અરબી સમુદ્રમાં દુશ્મન સામે નિર્ણાયક કાર્યવાહી કરવા માટે સંપૂર્ણ તૈયારી અને ક્ષમતા સાથે તૈનાત હતા, જેથી કરીને કરાચી સહિત સમુદ્ર અને જમીન પર દુશ્મનના પસંદગીના લક્ષ્યો પર હુમલો કરી શકાય.'

## સચિન, ધોની જ નહીં પણ આ 2 ક્રિકેટર્સનું પણ ભારતીય સૈન્ય સાથે રહ્યું છે કનેક્શન

ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ વિરામ બાદ ગઈકાલે થયેલા ઉલ્લંઘનને ધ્યાનમાં લેતાં ભારતીય સેના એક્શન મોડમાં છે. સંરક્ષણ મંત્રાલયે અગાઉ આપેલા આદેશ મુજબ ચીફ આર્મી ટેરિટોરિયલના અધિકારીઓ અને સૈનિકોને એક્ટિવ ડ્યૂટી માટે બોલાવી શકે છે.

આ ટેરિટોરિયલ આર્મીમાં ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની, કપિલ દેવ, સચિન તેદુંલકર સામેલ છે. તેમાં અભિનવ બિન્દ્રા, મોહનલાલ,



અનુરાગ ઠાકુર પણ અધિકારી છે.

ટેરિટોરિયલ આર્મી એ એક સ્વૈચ્છિક સંગઠન છે. જેમાં રોજગારીની ગેરેંટી નથી હોતી. પણ જરૂર પડે ત્યારે દેશસેવા માટે સેનામાં જોડાઈ શકો છો. પોલીસમાં જેમ હોમગાર્ડ સ્વૈચ્છાએ સેવા આપે છે.

તેવી જ રીતે ભારતીય સેનામાં ટેરિટોરિયલ આર્મી સેવા આપે છે. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ખેલાડી મહેન્દ્રસિંહ ધોનીએ 2011માં ટેરિટોરિયલ આર્મીમાં માનદ લેફ્ટનન્ટ કર્નલનો રેન્ક આપવામાં આવ્યો હતો. TA (ટેરિટોરિયલ આર્મી)ની પેરાશૂટ રેજિમેન્ટમાં સેવાઓ આપવા ટ્રેનિંગ આપવામાં આવે છે.

ધોનીએ 2019માં જમ્મુ-કાશ્મીરમાં પોતાના યુનિટ સાથે સમય વિતાવ્યો હતો.

## દિગ્ગજ ઓસ્ટ્રેલિયન ક્રિકેટરનું નિધન, ટેસ્ટમાં ઐતિહાસિક ત્રેવડી સદી ફટકારી હતી

ઓસ્ટ્રેલિયાનો દિગ્ગજ ક્રિકેટર બોબ કાઉપરનું મેલબર્નમાં નિધન થયુ છે. 84 વર્ષીય કાઉપર લાંબા સમયથી કેન્સરની બીમારી સાથે ઝઝૂમી રહ્યો હતો. જેનું 11 મેના રોજ આજે રવિવારે નિધન થયુ છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કાઉપરના નિધનની ખાતરી કરી છે. કાઉપરના પરિવારમાં પત્ની ડેલ અને બે દિકરી (ઓલિવિયા અને સેરા) છે.

કાઉપરની ઐતિહાસિક કારકિર્દી

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ચેરમેન માઈક બેયર્ડે જણાવ્યું હતું કે, બોબ કાઉપરના નિધનના સમાચાર



સાંભળી ખૂબ દુઃખ થયુ છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં તેઓ ખૂબ સન્માનિત વ્યક્તિ હતા. બોબ એક શાનદાર બેટર હતાં. મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં ત્રિપલ સેન્ચુરી સાથે 1960ના દાયકામાં ઓસ્ટ્રેલિયા અને વિક્ટોરિયા (રાજ્ય) ટીમમાં આકર્ષક પર્ફોર્મન્સ માટે હંમેશા યાદ રહેશે. બેટર બોબ કાઉપર ઉમદા સ્ટ્રોકપ્લે અને સંયમ સાથે બેટિંગ કરવા માટે જાણીતા હતા. કાઉપરે ફેબ્રુઆરી, 1966માં મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઈંગ્લેન્ડ વિરૂદ્ધ 12 કલાકમાં 589 બોલ પર 307 રન ફટકાર્યા હતા. જે ઓસ્ટ્રેલિયાની ધરતી પર કોઈપણ બેટરની ટેસ્ટ ક્રિકેટમાં પહેલી ટ્રિપલ સેન્ચુરી હતી.આ રેકોર્ડ પણ કાઉપરના નામે

બોબ કાઉપરની ટ્રિપલ ટેસ્ટ સેન્ચુરી પહેલાં તેણે કેરેબિયન ધરતી પર ડબલ સેન્ચુરી ફટકારી હતી. બાદમાં ટ્રિપલ સેન્ચુરી પછી પણ બે વધુ સેન્ચુરી ફટકારી હતી.

# વિશેષ સત્ર બોલાવો, ભવિષ્યના પડકારો સામે આપણે સૌ એકજૂટ: રાહુલ ગાંધીનો PM મોદીને પત્ર

ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લાં ઘણાં સમયથી તણાવની સ્થિતિ છે. જોકે, હવે બંને દેશો સંઘર્ષવિરામ પર વિચાર કરી રહ્યા છે. એવામાં કોંગ્રેસ પાર્ટીએ પહલગામ આતંકવાદી હુમલાને લઈને 'ઓપરેશન સિંદૂર' અને સંઘર્ષવિરામની જાહેરાત ટ્રમ્પ દ્વારા કરાયાની સ્થિતિ પર સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરી છે. આ ક્રમમાં લોકસભાના વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી અને બાદમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. બંને નેતાઓએ વડાપ્રધાન મોદીને જલ્દીમાં જલ્દી સર્વપક્ષીય બેઠક બોલાવવા અને આ સંબંધે જાણકારી આપવાની માંગ કરી છે. રાહુલ ગાંધીએ લખ્યો પત્ર

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે કહ્યું કે, 'હું વિપક્ષની સર્વસંમતિથી વિનંતી કરૂ છું કે, તાત્કાલિક સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવે. પહલગામ આંતકવાદી હુમલો, ઓપરેશન સિંદૂર અને સંઘર્ષવિરામ પર ચર્ચા કરવા લોકો અને તેમના પ્રતિનિધિઓ માટે ખૂબ જરૂરી છે, જેની જાહેરાત સૌથી પહેલાં અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરી હતી. આ આવનારા



પડકારોનો સામનો કરવા માટે આપણા સામૂહિક સંકલ્પને દર્શાવવાનો પણ અવસર હશે. મને વિશ્વાસ છે કે, તમે આ માંગ પર ગંભીરતાથી અને ઝડપથી વિચાર કરશો.'

ખડગેએ બેઠક બોલાવવાની કરી માંગ

વળી, બીજી બાજું કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પણ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે લખ્યું કે, 'તમને યાદ હશે કે, મેં રાજ્યસભાના વિપક્ષ નેતાના રૂપે અને લોકભાસભાના વિપક્ષી નેતાએ 28 એપ્રિલ 2025ના રોજ અમારા પત્રો દ્વારા પહલગામમાં થયેલા અમાનવીય આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને સંસદના બંને ગૃહોનું વિશેષ સત્ર બોલાવવા વિનંતી કરી હતી. લેટેસ્ટ ઘટનાક્રમોને જોતા લોકસભામાં વિપક્ષના નેતાએ તમને ફરી પત્ર લખીને તમામ વિપક્ષી પાર્ટીઓની સંમતિથી ઉઠાવવામાં આવેલી માંગ સાથે પરિચિત કરાવ્યા છે કે, પહલગામ આતંકવાદ, ઓપરેશન સિંદીર અને પપહેલાં વોશિંગ્ટન ડીસી અને બાદમાં ભારતક અને પાકિસ્તાનની સરકારો દ્વારા સંઘર્ષવિરામની જાહેરાત પર ચર્ચા કરવા માટે સંસદનું એક વિશેષ સત્ર બોલાવવામાં આવે, રાજ્યસભામાં વિપક્ષના નેતાના રૂપે હું આ વિનંતીના સમર્થનમાં લખું છું. મને વિશ્વાસ છે કે, તમે સંમત હશો.'

## તંત્રી લેખ



### દુનિયાભરમાં ડંકો વાગે છે ભારતના ફાઈટર જેટ પાઈલટ્સનો

- માત્ર ત્રણ વર્ષ પહેલાં મળેલા રાફેલ ઉપર પણ અદ્વિતિય પકડ જમાવીને આતંકીઓને ખોખરા કરી બતાવ્યા - ઓપરેશન સિંદૂરમાં રાફેલ. મિરાજ, સુખોઈ, મિગ અને તેજસ જેવા પ્લેનનો ઉપયોગ કરાયો હતો : મલ્ટિલેયર્ડ પ્રેક્ટિસ અને ટેસ્ટિંગ થયા બાદ જ ભારતીય વાયુસેનામાં મોટા ફાઈટર જેટ ઉડાવવાની મંજૂરી મળે છે : વિશ્વના ટોચના પાંચ દેશોના ફાઈટર પ્લેન પાઈલટ્સમાં પણ ભારતીય પાઈલટ્સનો સમાવેશ થાય છે ભારતીય એરફોર્સ દ્વારા જે રીતે ઓપરેશન સિંદૂર પાર પાડવામાં આવ્યું અને છેલ્લાં ચાર દિવસથી જે રીતે પાકિસ્તાનના આતંકી ઠેકાણાઓ ઉપર હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે તેણે સમગ્ર વિશ્વમાં પ્રશંસા મેળવી છે. સુખોઈ, મિગ, મિરાજ અને રાફેલ જેવા જેટને હવામાં કન્ટ્રોલ કરીને નક્કી કરેલા ટાર્ગેટને ધ્વસ્ત કરવો મુશ્કેલ હોય છે. તેના કારણે જ ભારતીય વાયુસેનાના જવાનો દ્વારા જે કરવામાં આવ્યું તે અદ્વિતિય ગણાય છે. તેના લીધે વિશ્વભરની સેનાઓ ભારતીય વાયુસેના અને તેના ફાઈટર જેટ પાઈલટ્સની પ્રશંસા કરે છે. જાણકારોના મતે મધરાત્રે ભારતીય પાઈલટ્સ દ્વારા વિવિધ વિમાનોનો ઉપયોગ કરીને મલ્ટિપલ ટાર્ગેટ તોડી પાડવાની જે કવાયત હાથ ધરવામાં આવી તે આવકારદાયક અને મહાવરો માગી લે તેવી છે. ભારતીય વાયુસેના અને તેના ફાઈટર પાઈલટ્સ આ કામગીરી માટે દુનિયાભરમાં જાણીતા છે. ઉલ્લેખનીય છે કે, ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂરમાં રાફેલ, મિરાજ, સુખોઈ, મિગ અને તેજસ જેવા ફાઈટર પ્લેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાંય મુખ્ય કામગીરી રાફેલ દ્વારા સંભાળવામાં આવી હતી. આ સમગ્ર ઓપરેશનમાં તમામ જેટ્સ દ્વારા પોતપોતાના ટાર્ગેટ નષ્ટ કરવાનું કામ સચોટ રીતે અને સફળતાપૂર્વક કરવામાં આવ્યું. તેમાં મુખ્ય જવાબદારી રાફેલ દ્વારા સંભાળવાં આવી હતી. પોતાની ખાસિતય પ્રમાણે તેણે પાકિસ્તાનની અંદર રહેલા તમામ ટાર્ગેટ નષ્ટ કરી દીધા. મહત્ત્વની વાત એ છે કે, ભારતીય વાયુસેનામાં રાફેલને જોડયાને માત્ર ત્રણ જ વર્ષ થયા છે. આટલા ઓછા સમયમાં ભારતીય વાયુસેનાના ફાઈટર પાઈલટ્સ દ્વારા તેને સંપૂર્ણ રીતે કન્ટ્રોલમાં લઈ લેવાયા છે. અત્યાર સુધી ભારતના અન્ય ફાઈટર પ્લેન્સ સફળતાપૂર્વક ઉડાડનારા જાંબાઝ પાઈલટ્સને હવે રાફેલની કમાન સોંપવામાં આવી છે. ભારતીય વાયુસેનામાં જે પણ ફાઈટર પાઈલટ છે તેઓ અનુભવી, સક્ષમ, સચોટ અને વિશેષ ટ્રેનિંગ મેળવેલા છે. તેઓ દરેક સ્થિતિમાં અને વાતાવરણમાં ફાઈટર પ્લેન ઉડાવવામાં સક્ષમ છે. મલ્ટિલેયર્ડ સ્કિલ્સ અને ટેસ્ટિંગ બાદ જ આ પાઈલટ્સનું સિલેક્શન કરવામાં આવતું હોય છે. તેના કારણે જ ભારતના પાઈલટ્સ દુનિયાના શ્રેષ્ઠ પાઈલટ્સમાં સ્થાન ધરાવે છે. દુનિયાના શ્રેષ્ઠ પાઈલટ્સ ધરાવતા દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ફ્રાન્સ અને અન્ય દેશો પણ ભારતીય પાઈલટ્સના વખાણ કરે છે. ભારતીય પાઈલટ્સ ઈન્ટરનેશનલ લેવલે પણ રિહર્સલ અને એક્ટિવિટીમાં ભાગ લઈને મહારથ પ્રાપ્ત કરે છે અને પોતાની એફિસિયન્સી સાબિત કરે છે. જાણકારોના મતે ફ્રાન્સની વાયુસેના પાસે રાફલ ઉડાડવાનો સૌથી વધારે અનુભવ છે તેમ છતાં જ્યારે ભારતીય પાઈલટ્સને રાફેલ આપવામાં આવ્યા તો તેમણે ખૂબ જ ઓછા સમયમાં રાફેલ ઉપર પકડ જમાવી લીધી.

-દિલીપ નાનજીભાઈ પટેલ

# પર્સનલ અને ટોપ-અપ માંથી કઈ લોન લેવી?:શું છે બન્ને વચ્ચેનો તફાવત, વ્યાજદર અને તે લેવાની પ્રક્રિયા; નિષ્ણાતો પાસેથી જાણો તેના ફાયદા અને ગેરફાયદા



PANKAJ B DOBARIYA

જીવનમાં ક્યારેક- ક્યારેક એવા પ્રસંગો આવે છે જ્યારે અચાનક પૈસાની જરૂર પડી જાય છે. જેમ કે ઘર ખરીદવું કે નવું ઘર બનાવવું, બાળકોના શિક્ષણ માટે, તબીબી ખર્ચ માટે કે લગ્ન માટે.આવી સ્થિતિમાં, જ્યારે આપણી પાસે આ બધા ખર્ચાઓ માટે બચત નથી હોતી, ત્યારે આપણે લોન લેવી પડે છે. ઘણી વખત એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે આપણે પહેલાથી જ લોન લીધી હોય છે.આવી સ્થિતિમાં, આપણી પાસે બે વિકલ્પો રહે છે. પહેલી પર્સનલ લોન અને બીજી ટોપ-અપ લોન. કોઈપણ વ્યક્તિ પોતાની જરૂરિયાત મુજબ પર્સનલ લોન મેળવી શકે છે, જ્યારે ટોપ-અપ લોન ફક્ત તે લોકો માટે જ ઉપલબ્ધ છે જેમણે પહેલાથી લોન લીધી છે.આવી સ્થિતિમાં, આજે 'તમારા પૈસા' કોલમમાં આપણે જાણીશું કે- પર્સનલ લોન અને ટોપ અપ લોન શું છે?કઈ લોનનો વ્યાજ દર ઓછો છે?ટોપ-અપ અથવા પર્સનલ લોનના ફાયદા અને ગેરફાયદા શું છે?પ્રશ્ન- પર્સનલ લોન અને ટોપ લોન શું છે?જવાબ- પર્સનલ લોન: પર્સનલ લોન એક અસુરક્ષિત લોન છે. એટલે કે, એવી લોન જેમાં કોઈ પણ વસ્તુ બેંક પાસે ગીરવે મુકવામાં આવતી નથી. બેંકો અથવા NBFCs (નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓ) તમારા CIBIL સ્કોર, આવક અને લોન ચૂકવવાની તમારી ક્ષમતા તપાસ્યા પછી આવી લોન આપે છે.ટોપ-અપ લોન: ટોપ-અપ લોન એ જૂની લોન પર લેવામાં આવતી ટોપ-અપ છે. ધારો કે તમે બેંકમાંથી 10લાખ રૂપિયાની હોમ લોન લીધી છે. હવે તમારે એક લાખ રૂપિયા વધુ જોઈએ છે. તમે આ એક લાખ રૂપિયા તમારા જૂના 10 લાખ રૂપિયાના લોનના એક લાખના ટોપ અપ તરીકે લો છો. એટલે કે હવે આ લોન 11 લાખ રૂપિયા થઈ ગઈ.પ્રશ્ન- પર્સનલ લોનના




ફાયદા શું છે?જવાબ- પર્સનલ લોનના ઘણા ફાયદા અને ગેરફાયદા છે. ચાલો આને ગ્રાફિક દ્વારા સમજીએ.ગમે તે હેતુ માટે વાપરી શકાય છે: આપણે આપણી કોઈપણ જરૂરિયાતો પૂરી કરવા માટે વ્યક્તિગત લોન મેળવી શકીએ છીએ. આમાં, પર્સનલ લોનનો ઉપયોગ લગ્નના ખર્ચ, શિક્ષણ, મુસાફરી અથવા કોઈપણ કટોકટીની સ્થિતિમાં કરી શકાય છે.મિલકત ગીરવે રાખવાની જરૂર નથી: પર્સનલ લોન સામાન્ય રીતે અસુરક્ષિત લોન હોય છે. એટલે કે, એવી લોન કે જેના માટે આપણે બેંકમાં કોઈ મિલકત ગીરવે મૂકવાની જરૂર નથી.પર્સનલ લોન ઝડપથી મળે છે: જો ક્રેડિટ સ્કોર સારો હોય, જૂની લોન સમયસર ચૂકવવામાં આવે અને નિયમિત આવક હોય તો પર્સનલ લોન સરળતાથી મળી જાય છે.સરળ માસિક હપ્તામાં લોન ચૂકવી શકાય છે: પર્સનલ લોન એક નિશ્ચિત ચુકવણી સમયગાળા સાથે આવે છે. તેનો અર્થ એ કે આપણે તેને સરળ હપ્તાઓમાં ધીમે ધીમે ચૂકવી શકીએ છીએ.પ્રશ્ન- પર્સનલ લોનના ગેરફાયદા શું છે?જવાબ- પર્સનલ લોન લેવી મોંઘી છે કારણ કે તે એક અસુરક્ષિત લોન છે. આના પર વસૂલવામાં આવતો વ્યાજ દર ઊંચો હોય છે.વ્યાજ દર વધારે છે: પર્સનલ લોનમાં, બેંકમાં આપણી કોઈ મિલકત ગીરવે મુકેલી નથી હોતી. આવી સ્થિતિમાં, બેંકો વ્યક્તિગત લોન પર વ્યાજ દર ઊંચા રાખે છે. સામાન્ય રીતે, બેંકો પર્સનલ લોનના વ્યાજ દર 10% થી 16% ની વચ્ચે રાખે છે.લોનની રકમ ઓછી હોય: પર્સનલ લોનમાં આપવામાં આવતી લોનની રકમ સામાન્ય રીતે સુરક્ષિત લોન કરતા ઓછી હોય છે.પર્સનલ લોન મેળવવી મુશ્કેલ છે: બેંકો અને NBFC કંપનીઓ દરેકને વ્યક્તિગત લોન આપવામાં અચકાય છે. આ માટે, તમારો CIBIL સ્કોર સારો હોવો જોઈએ, તમારી નિયમિત આવક હોવી જોઈએ અને તમારી પાસે જૂની લોન ચૂકવવાનો સારો રેકોર્ડ હોવો જોઈએ.પ્રશ્ન- ટોપ-અપ લોનના ફાયદા અને ગેરફાયદા શું છે?જવાબ- ટોપ અપ લોનના ઘણા ફાયદા અને ગેરફાયદા છે. ચાલો પહેલા તેના ફાયદા સમજીએ.સરળતાથી ઉપલબ્ધ: જો તમારી પાસે પહેલાથી જ હોમ લોન, ગોલ્ડ લોન અથવા બેંકમાંથી કોઈપણ સુરક્ષિત લોન છે, તો બેંક તમને ટોપ-અપ લોન આપી શકે છે. જોકે, કેટલીક NBFC કંપનીઓ અને બેંકોએ પણ પસંદગીના ગ્રાહકોને પર્સનલ લોન પર ટોપ-અપ લોન આપવાનું શરૂ કર્યું છે, પરંતુ તેની સંખ્યા ઘણી ઓછી છે.નીચા વ્યાજ દર: ટોપ-અપ લોન એ એક સુરક્ષિત લોન છે કારણ કે તે બેંકમાં પહેલાથી જ ગીરવે મૂકેલી મિલકત સામે લેવામાં આવે છે. આવી સ્થિતિમાં, બેંકો પર્સનલ લોનની તુલનામાં આના પર ઓછું વ્યાજ લે છે.તમને વધુ લોન મળે છે: જો તમે તમારું ઘર, જમીન અથવા સોનું બેંકમાં ગીરવે મૂક્યું હોય, જેની કિંમત વધુ હોય, તો બેંક તમને વધુ લોન આપી શકે છે. જ્યારે પર્સનલ લોનમાં, ક્રેડિટ સ્કોર અને આવકના આધારે લોન આપવામાં આવે છે.લાંબા સમય સુધી ચુકવણીનો સમયગાળો: ટોપ-અપ લોન માટે તમારે અલગથી EMI ચૂકવવાની જરૂર નથી. આ તમારી સુરક્ષિત લોનમાં જ ઉમેરી શકાય છે. આવી સ્થિતિમાં, તમને નાના હપ્તાઓ દ્વારા લોન ચૂકવવાની તક મળે છે.ટોપ-અપ લોનના ગેરફાયદાપહેલાથી જ કોઈ લોન લીધી હોવી જોઈએ: તમારા નામે એ જ બેંક અથવા NBFC માંથી લોન હોવી જોઈએ જેમાંથી તમે ટોપ-અપ લોન લેવા માગો છો.મિલકત ગીરવે મૂકવી જરૂરી છે: ટોપ-અપ લોન તમારી હાલની લોન સાથે જોડાયેલી છે. આવી સ્થિતિમાં, જો તમે સમયસર લોન ચૂકવશો નહીં, તો બેંકમાં ગીરવે મૂકેલી તમારી મિલકત જોખમમાં મુકાઈ શકે છે.પ્રોસેસિંગ ફી લાગુ થઈ શકે છે: ટોપ-અપ લોન પર પ્રોસેસિંગ ફી અને અન્ય શુલ્ક પણ લાગી શકે છે.પ્રશ્ન- લોન માટે કયા દસ્તાવેજો જરૂરી છે?જવાબ- લોનના દસ્તાવેજો બેંક અને તમારા વ્યક્તિગત સંજોગોના આધારે બદલાઈ શકે છે, પરંતુ સામાન્ય રીતે નીચેના દસ્તાવેજો જરૂરી છે.બેંક કેટલાક વધારાના દસ્તાવેજો માગી શકે છે. તેથી, અરજી કરતા પહેલા તમારી બેંકમાંથી જરૂરી દસ્તાવેજોની યાદી મેળવો.પ્રશ્ન: શું ટોપ-અપ લોનની રકમ પર કોઈ મર્યાદા છે? તે કયા આધારે નક્કી કરવામાં આવે છે?જવાબ: હા, તમને કેટલી રકમની ટોપ-અપ લોન મળશે તે બેંક અથવા NBFC કંપનીઓ દ્વારા અલગ અલગ પરિમાણો દ્વારા નક્કી કરવામાં આવે છે.તમારી હાલની લોન દ્વારા: તમે બેંક પાસેથી કેટલી લોન લીધી છે અને અત્યાર સુધી કેટલી ચૂકવી છે.મિલકતનું બજાર મૂલ્ય: લોન માટે બેંક પાસે ગીરવે મૂકેલી મિલકતનું બજાર મૂલ્ય કેટલું છે?તમારી ચુકવણી ક્ષમતા: બેંક તમારી આવક, અન્ય જવાબદારીઓ અને ક્રેડિટ સ્કોરનું મૂલ્યાંકન કરીને તમારી ચુકવણી ક્ષમતાનું મૂલ્યાંકન કરે છે.બેંક અથવા NBFC કંપનીઓની નીતિ: ટોપ-અપ લોનની રકમ અંગે બેંકો અને N B F C કંપનીઓની પોતાની નીતિઓ હોય છે.

# ઉનાળામાં આંખોને ખાસ કાળજીની જરૂર:આંખોમાં બળતરા અને સોજા માટે 6 મુખ્ય કારણો જવાબદાર, આ 5 ઘરેલું ઉપાયોથી રાહત મળશે




ઉનાળામાં ગરમ પવન અને તડકાને કારણે આંખો સંબંધિત સમસ્યાઓ પણ વધી જાય છે. આકરો તડકો અને પરસેવાને કારણે આંખોમાં બળતરા, ખંજવાળ અને લાલાશ જેવા લક્ષણો દેખાવા લાગે છે. ઘણા લોકો આ સમસ્યાને અવગણે છે પરંતુ નિષ્ણાતોના મતે આંખોમાં બળતરા ક્યારેક ગંભીર બીમારીની નિશાની હોઈ શકે છે.આમ તો બજારમાં ઘણા બધા આંખના ટીપાં ઉપલબ્ધ છે, જે તેમાંથી રાહત આપે છે. આ ઉપરાંત, કેટલાક કુદરતી ઘરેલું ઉપચાર પણ આમાં ખૂબ મદદરૂપ થાય છે.તો, આજે 'કામના સમાચાર'માં આપણે ઉનાળામાં આંખોની સંભાળ કેવી રીતે રાખવી તે વિશે વાત કરીશું? સાથે એ પણ જાણીશું કે-ક્યા ઘરેલું ઉપાયો દ્વારા તેનાથી રાહત મેળવી શકાય?નિષ્ણાત: ડૉ. શ્રુતિ લાંજેવાર વાસનિક, ઓપ્થેલ્મોલોજિસ્ટ, કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈપ્રશ્ન: ઉનાળામાં આંખોમાં બળતરા થવાનું મુખ્ય કારણ શું છે?જવાબ: તેના મુખ્ય કારણોમાં આકરો તડકો, ગરમ પવન, પરસેવો અને ધૂળ, પ્રદૂષણ અને હવામાં હાજર પરાગરજ (pollens)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત શરીરમાં પાણીની ઊણપ (ડિહાઈડ્રેશન) અને લાંબા સમય સુધી મોબાઈલ કે કમ્પ્યુટર સ્ક્રીન પર જોવાથી પણ આંખો સૂકી થઈ જાય છે, જેનાથી બળતરા વધી શકે છે.પ્રશ્ન: શું ઘરગથ્થું ઉપાયો દ્વારા તેનાથી રાહત મેળવી શકાય?જવાબ: હા, આ માટે કેટલાક સરળ અને અસરકારક ઘરેલું ઉપાયો કરી શકાય છે. નીચે આપેલા ગ્રાફિક પરથી આ સમજીએ-પ્રશ્ન: આંખો માટે હીટવેવ કેમ હાનિકારક છે?જવાબ: ગરમી અને ભેજવાળા વાતાવરણમાં આંખોની સપાટીને હાઈડ્રેટ રાખતું આંસુનું આવરણ (tear film) ઝડપથી સૂકાઈ જાય છે, જેનાથી સૂકી આંખોની સમસ્યા વધી શકે છે. તેનાથી આંખોમાં બળતરા, ખંજવાળ અને લાલાશ થઈ શકે છે. ઉપરાંત આ ઋતુમાં સૂર્યના અલ્ટ્રાવાયોલેટ (UV) કિરણો વધુ મજબૂત હોય છે, જે કોર્નિયાને સીધું નુકસાન પહોંચાડી શકે છે.પ્રશ્ન: આંખમાં પરસેવો જાય તો નુકસાન પહોંચે?જવાબ: સામાન્ય રીતે, આંખોમાં પરસેવો આવવો નુકસાનકારક નથી પરંતુ તે કામચલાઉ બળતરા અને ખંજવાળનું કારણ બની શકે છે. પરસેવામાં પાણી, મીઠું, ક્લોરાઈડ અને અન્ય સુક્ષ્મ તત્વો હોય છે, જે આંખોની સપાટી (કોર્નિયા અને કન્જક્ટિવા)ના સંપર્કમાં આવે છે અને મુશ્કેલી ઉભી કરી શકે છે.પ્રશ્ન: આંખોમાં બળતરા ઓછી કરવા માટે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?જવાબ: આ માટે તમે કેટલાક સરળ અને અસરકારક ઘરેલું ઉપાયો અપનાવી શકો છો. જેમ કે-ઠંડી પટ્ટીઓ: ઠંડી પટ્ટીઓ આંખોમાં સોજો, બળતરા અથવા થાક ઘટાડવામાં મદદ કરે છે. આંખો પર ઠંડા પાણીમાં પલાળેલું રૂ અથવા સ્વચ્છ કપડું રાખવાથી રક્તવાહિનીઓ (બ્લડ વેસલ્સ)નો સોજો ઓછો થાય છે.કાકડી: ફ્રિજમાં ઠંડા કરેલા કાકડીના પાતળા ટુકડા આંખો પર મૂકો અને 10-15 મિનિટ માટે રહેવા દો. કાકડીમાં રહેલા બળતરા વિરોધી (એન્ટી ઈમ્ફ્લેમેટરી) અને હાઈડ્રેટિંગ ગુણધર્મો આંખોને શાંત કરે છે અને બળતરા ઘટાડે છે.ગુલાબજળ: આંખોમાં ઓર્ગેનિક ગુલાબજળના 1-2 ટીપાં નાખો અથવા ગુલાબજળમાં કોટન પેડ પલાળી રાખો અને તેને કાળજીપૂર્વક પોપચા પર મૂકો. ગુલાબજળમાં કુદરતી બળતરા વિરોધી ગુણધર્મો હોય છે, જે બળતરા અને ખંજવાળ ઘટાડે છે.એલોવેરા જેલ: એલોવેરા (કુંવારપાઠું) જેલમાં બળતરા વિરોધી અને હાઈડ્રેટિંગ ગુણધર્મો હોય છે. આંખોની આસપાસ થોડું ઠંડુ એલોવેરા જેલ લગાવવાથી ઠંડક મળે છે અને બળતરામાં રાહત મળે છે. ધ્યાનમાં રાખો કે એલોવેરા જેલ શુદ્ધ હોવું જોઈએ.વારંવાર આંખો ધોવી: આંખો ધોવાથી બળતરા અને થાકમાંથી રાહત મળે છે. દિવસમાં બે-ત્રણ વખત ઠંડા પાણીથી આંખો ધોવાથી ગંદકી બહાર નીકળી જાય છે અને આંખો તાજગી અનુભવે છે.પ્રશ્ન: આંખો સાફ કરતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?જવાબ: આંખો સાફ કરતા પહેલા હંમેશા હાથ સારી રીતે ધોઈ લો, જેથી ગંદકી કે બેક્ટેરિયા આંખોમાં ન જાય. ઉપરાંત આંખો ધોયા પછી તેને નરમ ટુવાલ અથવા કપડાથી હળવા હાથે લૂછી લો. ધ્યાનમાં રાખો કે, આંખોને હળવા હાથે ધોવો, કારણ કે દબાણ કરવાથી બળતરા અથવા ઈજા થઈ શકે છે.પ્રશ્ન: આંખના ટીપાંનો ઉપયોગ કરવો જોઈએ?જવાબ: જો બળતરા સામાન્ય હોય અને વારંવાર ન થતી હોય તો ઓવર ધ કાઉન્ટર (OTC) આંખના ટીપાંનો ઉપયોગ કરી શકાય છે પરંતુ લાંબા સમય સુધી તેનો ઉપયોગ કરવો યોગ્ય નથી. જો બળતરાની સાથે લાલાશ અને સોજો પણ દેખાય છે, તો ડૉક્ટરની સલાહ લીધા વિના આંખના ટીપાંનો ઉપયોગ ન કરવો જોઈએ.પ્રશ્ન: આંખમાં ચેપનું લક્ષણ કયા હોઈ શકે?જવાબ: આંખોમાંથી સતત પાણી નીકળવું, બળતરા થવી, ચીકણું સ્રાવ થવો અથવા પોપચામાં ચોંટી જવું એ બેક્ટેરિયલ અથવા વાયરલ કન્જંક્ટિવાઈટિસ (આંખના ચેપ) નું લક્ષણ હોઈ શકે છે. આવા કિસ્સાઓમાં, ડૉક્ટરની સલાહ લેવી જરૂરી છે, જેથી યોગ્ય સારવાર મળી શકે અને ચેપ ન ફેલાય.પ્રશ્ન: ઉનાળામાં આંખોને શુષ્ક થતી અટકાવવા શું ખાઈ-પી શકાય?જવાબ: આંખો સુકાઈ ન જાય તે માટે પૂરતું પાણી અને તાજા ફળોનો રસ પીવો ફાયદાકારક છે. ઉપરાંત ઓમેગા-3 ફેટી એસિડથી ભરપૂર ખોરાક જેમ કે, અખરોટ અને ચિયા બીજ પણ ખૂબ ફાયદાકારક છે. ગાજર, શક્કરીયા, નારંગી અને જામફળ જેવા ખોરાક, જે વિટામિન A અને C થી ભરપૂર હોય છે, તે પણ આંખો માટે સારા છે. પાલક અને મેથી જેવા લીલા પાંદડાવાળા શાકભાજીમાં લ્યૂટીન અને ઝેક્સાન્થિન હોય છે, જે આંખોનો ભેજ જાળવી રાખવામાં મદદ કરે છે.પ્રશ્ન: હીટવેવ દરમિયાન સ્ત્રીઓએ આંખોની વધારાની કાળજી લેવાની જરૂર છે?જવાબ: હા, હીટવેવ દરમિયાન સ્ત્રીઓએ તેમની આંખોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. ખાસ કરીને જે સ્ત્રીઓ મેકઅપ કરે છે. મેકઅપમાં વપરાતા મસ્કરા, આઈલાઈનર અને કાજળ જેવા ઉત્પાદનો પણ આંખોને વધુ અસર કરી શકે છે.તેથી, આંખોને હાઈડ્રેટેડ રાખવા, ધૂળ અને સૂર્યપ્રકાશથી આંખોને બચાવવા અને મેકઅપ કાઢતા પહેલા તેને સારી રીતે સાફ કરવા માટે પૂરતું પાણી પીવું મહત્વપૂર્ણ છે. આ ઉપરાંત, આંખો માટે સલામત અને લાઈટ મેકઅપ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરવો વધુ સારું છે.

# ધ્રાંગધ્રામાં રખડતા શ્વાનનો આતંક : 5 ને બચકા ભર્યા



ધ્રાંગધ્રા શહેરી વિસ્તારમાં રખડતા શ્વાને પાંચ વ્યક્તિઓને બચકા ભરતા તમામને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે રખડતા શ્વાનને ઝડપી લેવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. નરશીપરા વિસ્તારમાં રખડતા શ્વાને મહિલા સહિત રાહદારીઓ અને સ્થાનિકો સહિત અંદાજે પાંચ વ્યક્તિઓને બચકા ભર્યા હતા. આ તમામ પાંચેય વ્યક્તિઓને સારવાર અર્થે ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. થોડા દિવસો પહેલા પણ શ્વાન દ્વારા વાહન લઈને પસાર થતાં ચાલકો પાછળ છોડી બચકા ભર્યા હતા. ત્યારે વધુ એક વખત પાંચ વ્યક્તિને બચકા ભરવામાં આવતાં તંત્ર સામે નારાજગી જોવા મળી હતી. રખડતા શ્વાનને ઝડપી પાડી દુર વગડા વિસ્તારમાં છોડી દેવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# નાર ગામના 3 યુવકો પાસેથી વિઝા માટે રૂ. 15 લાખ પડાવ્યા




આણંદ પાસેના મોગરી ગામના પિતા- પુત્રએ નાર ગામના બે યુવકોને વર્ક પરમિટ તથા વિઝીટર વિઝાના બહાને રૂપિયા ૧૫ લાખ નો ચૂનો ચોપડતા બંને વિરૂદ્ધ વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પેટલાદ તાલુકાના નાર ગામના ગીરીશભાઈ રમણભાઈ મકવાણાના ભાઈ વિજયભાઈએ વર્ષ ૨૦૨૩માં સોશિયલ મિડીયા ઉપર જાહેરાત જોઈ વિદ્યાનગરની જનતા ચોકડી ખાતે આવેલી ઓફિસમાં વિઝા માટે ગયાં હતાં. આ દરમિયાન ઓફિસમાં હાજર આણંદ પાસેના મોગરી ગામના સુનિલ મદનલાલ શેઠીયા તથા તેમનો પુત્ર ધામકને બે યુવકોના કેનેડાના વર્ગ પરમીટ વિઝા તથા અન્ય એકના યુએસના વિઝીટર વિઝાની વાત કરતા તેઓએ ફી નક્કી કરી હતી. બાદ ગીરીશભાઈ તથા તેના ભાઈ વિજય અને એક મિત્રએ ટૂકડે ટૂકડે કરીને બંને શખ્સોને કુલ ૧૫ લાખ રૂપિયા આપ્યા હતા. તેમ છતાં તેઓને વર્ક વિઝા કે વિઝીટર વિઝા ન મળતા ગીરીશભાઈએ વિદ્યાનગર પોલીસ મથકમાં બંને શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# વરઘોડામાં આકાશી ફટાકડા ફોડનાર શખ્સ વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો દાખલ



ભારત - પાકિસ્તાન વચ્ચે યુધ્ધની પરિસ્થિતિના પગલે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. તેમ છતાં વડોદરામાં એક યુવાને લગ્ન પ્રસંગના વરઘોડામાં ફટાકડા ફોડતાં કપુરાઈ પોલીસે તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભારત - પાકિસ્તાન વચ્ચેની સ્થિતિ વણસી રહી છે. જેના પગલે વડોદરા પોલીસ કમિશનરે જાહેરનામુ બહાર પાડી વડોદરામાં 15મી મે સુધી ડ્રોન ઉડાડવા પર અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે બીએનએસ-2023ની કલમ 223 મુજબ કાર્યવાહી કરવા નિર્દેશ છે. ત્યારે વડોદરામાં ગતરાત્રે 11:00 વાગ્યે વાઘોડિયા ડભોઈ રિંગ રોડ એસએસવી શાળાની સામે મહેશનગર ચાર રસ્તા પાસે આવેલ વ્રજ પાર્ટી પ્લોટ ખાતે લગ્ન પ્રસંગના વરઘોડોમાં જેમાં મુકેશ રામઅભિલાષ કનોજીયા (રહે - ગોમતીપુરા ,ગોકુળ નગર ,પાણીની ટાંકી પાસે, ગાજરાવાડી) જાહેરનામાનો ભંગ કરીને આકાશી ફટાકડા ફોડતા પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વલ્લભ ચોક પાસે રસ્તો બેસી ગયો, કળશ સર્કલ પાસે ભૂવો પડ્યો




શહેરમાં કમોસમી વરસાદ વરસતા અનેક સ્થળોએ રસ્તાઓ બેસી જવા સાથે નાના મોટા ભુવાનું નિર્માણ થતા વાહન ચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલી ઉભી થઇ છે.

શહેરમાં કમોસમી વરસાદ વરસતા અનેક સ્થળોએ રસ્તા બેસી જવાની સાથે નાના મોટા ભુવા પડવાની સમસ્યાઓ સામે આવી છે. તેવામાં સ્માર્ટ સિટીના સ્માર્ટ રોડ ઉપર પણ આ પરિસ્થિતિ જોવા મળી છે. બીપીસી રોડ વલ્લભ ચોક પાસે રસ્તો બેસી જતા વાહનચાલકોને મુશ્કેલી થઈ રહી છે. તેમજ અકોટા- દાંડિયાબજાર બ્રિજથી હેવમોર સર્કલની વચ્ચે કળશ સર્કલ નજીક એક જ સ્થળે બીજી વખત ભુવાનું નિર્માણ થતાં કોર્પોરેશનની હલકી ગુણવત્તાવાળી કામગીરીની પોલ છતી થઈ છે. આ ઉપરાંત માંજલપુરમાં સહયોગ ગરબા ગ્રાઉન્ડ પાસે તેમજ ડી માર્ટથી સુશેન તરફના માર્ગ ઉપર રસ્તો બેસી જતા મોટા ખાડાઓ પડતા અકસ્માતનો ભય સતાવે છે. આવા સ્થળોએ સમારકામ બાદ વરસાદ વરસતા ફરી તે જ સ્થળોએ રસ્તો બેસી જવો અથવા ભૂવો પડવાની ઘટનાઓ ઘટતી હોય યોગ્ય સમારકામની લોકમાંગ છે.

# ભાવનગરમાં મેડિકલ ઈમર્જન્સી સર્જાય તો તબીબો સ્ટેન્ડ બાય, 200 બેડ રિઝર્વ

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ વચ્ચે સંભવિત મેડિકલ ઈમર્જન્સીને પહોંચી વળવા ભાવનગરનું આરોગ્ય તંત્ર એલર્ટ મોડ પર છે. સર ટી.હોસ્પિટલમાં આજે આઈએમએ સહિત તબીબોના વિવિધ એસોસિએશનની મિટિંગ મળી હતી. જેમાં મેડિકલ ઈમર્જન્સીને પહોંચી વળવા સરકારને જરૂર પડશે ત્યારે તબીબાએ સ્ટેન્ડ બાય મોડ સાથે હાજર રહેવાની તૈયારી દર્શાવી હતી.

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ તણાવ ચાલી રહ્યો છે તેવી પરિસ્થિતિમાં આજે મધ્યાહ્ને ભાવનગરની સર ટી.હોસ્પિટલના સેમિનાર હોલ ખાતે સર ટી.હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ઉપરાંત, સર્જન , એનેસ્થેસિયા, અને ક્રિટિકલ કેર એસોસિએશનના પ્રમુખો તથા સિનિયર તબીબો તથા એમઓએચની ઉપસ્થિતિમાં એક મિટિંગ મળી હતી. જેમાં મેડિકલ ઈમર્જન્સીની સ્થિતિમાં સરકારી આદેશ થાય તે ક્ષણે દરેક ક્ષેત્રના તબીબોએ રાઉન્ડ ધ ક્લૉક ફરજ બજાવવાની તૈયારી દર્શાવી હતી.ઉપરાંત જરૂર જણાય તો ભાવનગર જિલ્લાની



બહાર પણ કામ કરવાની તૈયારી દર્શાવી હતી. તેમજ ખાનગી તબીબો દ્વારા પણ તન-મન-ધનથી સરકારની સાથે હોવાની ખાત્રી આપી હતી.આ વિકટ પરિસ્થિતિમાં સરકારી ઉપરાંત ખાનગી તબીબો પણ સાથે મળીને કામ કરશે તેમ સર ટી.હોસ્પિટલના તબીબી અધિક્ષકે જણાવ્યું હતું. આકસ્મિક સ્થિતિ માટે હોસ્પિટલમાં કુલ ૮ એમ્બ્યુલન્સ સ્ટેન્ડ બાય રખાઈ છે અને કુલ ૮૫૦ બેડમાંથી ૨૦૦ બેડ રિઝર્વ રખાયા છે. આગામી દિવસોમાં જરૂરિયાત ઉભી થશે તો રિઝર્વ બેડની સંખ્યા વધારવામાં આવશે.

હોસ્પિટલના દરેક કર્મચારીને ઓનકૉલ હાજર રહેવા આદેશ સર ટી.હોસ્પિટલના વર્ગ-૧થી વર્ગ-૪ સુધીના તમામ ડોક્ટર્સ, મેડિકલ, પેરામેડિકલ, નર્સિંગ સ્ટાફની રજા રદ્દ કરી ફરજ પર તૈનાત કરી દેવાયો છે. ડ્યૂટી ઉપરાંત ઈમર્જન્સી સ્થિતિમાં તબીબો સહિત દરેક સ્ટાફને ઓનકોલ હાજર રહેવા આદેશ કરી દેવામાં આવ્યો છે. મેડિકલ કોલેજના ફેકલ્ટીનું વેકેશન પણ રદ્દ કરી દેવામાં આવ્યું છે. ટીંબીની હોસ્પિ.માં 10 બેડ રિઝૅવ, તબીબોની રજા રદ ભાવનગર શહેરની સરકારી હોસ્પિટલ ઉપરાંત જિલ્લામાં ટીંબીમાં આવેલી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટ્રસ્ટે તબીબો અને પેરામેડિકલ સ્ટાફની રજા રદ કરી, દવાનો સ્ટોક અને બ્લડની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ હોસ્પિટલમાં ૧૦ બેડ રિઝર્વ રખાઈ હોવાનું જાણવા મળેલ છે. સંભવિત આપત્તિને અનુલક્ષી 8 એમ્બ્યુલન્સ પણ સ્ટેન્ડ બાય : સરકારી ઉપરાંત, ખાનગી તબીબોએ રાઉન્ડ ધ ક્લૉક ફરજ બજાવવા ખાત્રી આપી .

# આણંદની સિવિલ હોસ્પિટલમાં 10 બેડ સાથે ખાસ વોર્ડ તૈયાર કરાયો




જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારતે નિર્દોષોના મોતનો બદલો લેવા માટે 'ઓપરેશન સિંદૂર' હેઠળ સ્ટ્રાઈક કરી પાકિસ્તાનમાં અને PoK ના 9 આતંકી ઠેકાણાઓને ધ્વસ્ત કરી દીધા હતા. ત્યારબાદ પાકિસ્તાની સેના તરફથી સતત ભારતીય સરહદી વિસ્તારો પર હુમલો કરવામાં આવી રહ્યો છે, ત્યારે ગુજરાત સહિત દેશભરના સરહદી વિસ્તારો એલર્ટ પર છે. પાકિસ્તાન સાથે તંગદિલી વચ્ચે કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલ દ્વારા એલર્ટ જાહેર કરીને લોકોને ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે. ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે કચ્છ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા વીડિયો જાહેર કરીને નાગરિકોને ઘરમાં જ સુરક્ષિત રહેવા જણાવવામાં આવ્યું છે. તેમજ નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને રાત્રિ દરમિયાન પણ સ્વયંભૂ Blackoutનું સંપૂર્ણપણે પાલન કરવા જણાવ્યું છે. જ્યારે તણાવની સ્થિતિમાં નાગરિકોને ગભરાવ્યા વગર સતર્ક રહેવા વહીવટી તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# પશ્ચિમ કચ્છમાં હાઈએલર્ટ વચ્ચે પોલીસનું સઘન વાહન ચેકિંગ ચાલુ

ભારત અને પાકિસ્તાન વચ્ચે જંગ ચાલી રહી છે. ત્યારે કચ્છમાં હાઇ એલર્ટ જારી કરવામાં આવતાં શહેર અને તાલુકાના ગામડાઓમાં લોકડાઉન જેવી સ્થિતિ ઉભી થઇ છે.

તો, જિલ્લાના પોલીસ પ્રસાસન દ્વારા વાહનનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. તેમજ વિવિધ વિસ્તારોમાં પોલીસ ટીમ દ્વારા લોકોને લાઉડ સ્પીકડર દ્વારા પોતાના ઘરની અંદર જ રહેવા અને બીન જરૂરી લોકોને ઘરથી બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી રહી છે.



શનિવારે વહેલી સવારે પશ્ચિમ કચ્છના છેવાડાના અબડાસા તાલુકાના ધૂફી, સુડધ્રો અને સાંધી બાજુ તેમજ ભુજ નજીક નાગોર પાસે નાપાક તત્વોનો ડ્રોન એટેક નિષ્ફળ કરવામાં આવ્યો છે.

પરિસ્થિતિ તણાવ ભરી છે. ત્યારે કચ્છમાં હાઈએલર્ટ જારી કરી દેવામાં આવતાં પોલીસ તંત્ર દ્વારા જિલ્લાભરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

જિલ્લામાં હાઈવે માર્ગો પર તેમજ શહેરના માર્ગો પર પોલીસ તૈનાત કરી દેવાયા છે. વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

તે સાથે શહેર અને ગામડાઓમાં પોલીસની વિવિધ ટીમો દ્વારા લાઉડ સ્પિકરથી લોકોને ચેતવણી આપવામાં આવી રહી છે. કે, લોકોએ ગભરાવવાની જરૂર નથી બીન જરૂરી ઘરની બહાર નીકળવું નહીં પોતાના ઘરમાં જ રહેવું તેવી અપીલ કરવામાં આવી રહી છે. ઠેરઠેર પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. માધાપરથી ભુજ આવતા વાહનોને બાયપાસ રોડ પર ડાયવર્ડ કરવામાં આવ્યા

માધાપરથી ભુજ તરફ આવતા વાહનનો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સર્કલથી બાયપાસ મુંદરા રોડ પર ડાયવર્ડ કરી દેવામાં આવ્યા છે. અને જ્યુબીલી સર્કલ પર વાહનની અવર જવર પર નિયંત્રણ રાખવામાં આવ્યું છે.

આ અંગે સીટી ટ્રાફિક પીએસઆઇ રાજપુતએ જણાવ્યું હતું. કોઇ પરિસ્થિતિ નિર્માણ પામે તો, એમ્બ્યુલન્સને પસાર થવામાં કોઇ અડચણ ઉભી ન થાય તે માટે માધાપરથી આવતા વાહનોને બાયપાસ રોડ પર વાળી દેવામાં આવ્યા છે.

# કમાટીબાગમાં જોય ટ્રેનની અડફેટે ૪ વર્ષની માસૂમ બાળાનું કચડાઇ જતા મોત

વડોદરા,જંબુસરનો પરિવાર વડોદરાના કમાટીબાગ ખાતે વેકેશનમાં ફરવા આવ્યો હતો. સાંજે તેઓ ઘરે પરત જઇ રહ્યા હતા. તે દરમિયાન પાટા પર દોડતી જોય ટ્રેનની નીચે ૪ વર્ષની બાળકી કચડાઇ જતા તેના શરીરના ફૂરચા નીકળી ગયા હતા અને સ્થળ પર જ તેનું મોત થયું હતું. બનાવ પછી ટ્રેનનો ડ્રાઈવર ફરાર થઇ ગયો હતો.કમાટીબાગમાં દોડતી જોય ટ્રેને આજે ૪ વર્ષની બાળકીનો જીવ લીધોહતો. મળતી માહિતી મુજબ, જંબુસરના સોગંદવાડીમાં રહેતા પઠાણ પરિવારના ૭ સભ્યો વેકેશન હોઈ ફરવા માટે આજે સવારે જંબુસરથી કમાટીબાગ આવ્યા હતા. બપોરે ૧ વાગ્યે પરિવારજનો કમાટીબાગ પહોંચ્યા પછી નાના બાળકોને જોય ટ્રેનમાં મુસાફરી કરાવી હતી. આખો દિવસ ફર્યા પછી તેઓ સાંજે પાંચ વાગ્યે પરત જંબુસર જવા માટે નીકળ્યા હતા. કમાટીબાગ



જોય ટ્રેનના સ્ટેન્ડ પાસે પરિવારની ૪ વર્ષની બાળકી જોય ટ્રેનની અડફેટે આવી જતા ચગદાઇ ગઇ હતી. ઘટના સ્થળે જ તેનું કમકમાટીભર્યુ મોત થયું હતું. પરિવારની નજર સામે જ બાળકીએ જીવ ગુમાવ્યો હતો. માસૂમ બાળકીના શરીરના અંગોના ફૂરચા થઇ ગયા હતા.શરૂઆતમાં પરિવારને ખ્યાલ જ ના આવ્યો કે, આ શું થયું ? લોકો પણ અકસ્માતના પગલે દોડી આવ્યા હતા.

બાળકીને જમીન પર પડેલી જોઇને પરિવારજનોના હોંશ ઉડી ગયા હતા. બાળકીને સયાજી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. પરંતુ, તેનો જીવ બચી શક્યો નહતો. સયાજીગંજ પોલીસે બનાવ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મૃત બાળકીના અંગો ટ્રેકની નજીક લાંબો સમય પડી રહેતા અરેરાટીવડોદરા,અકસ્માતના સ્થળ પરથી બાળકીને સયાજી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. બનાવના પગલે તંત્ર દોડતું થઇ ગયું હતું. પોલીસ અને કોર્પોરેશનનનો સ્ટાફ પહોંચી ગયો હતો. અકસ્માતના એક કલાક પછી પણ મૃત બાળકીના શરીરના ચગદાઇ ગયેલા અંગો ટ્રેકની નજીક પડેલા હતા. તે હટાવવાની દરકાર કોઇએ લીધી નહતી. જેના પગલે કમાટીબાગમાં ફરવા આવેલા સહેલાણીઓમાં અરેરાટી ફેલાઇ હતી.કમાટીબાગની જોય ટ્રેન કાયમ વિવાદમાં રહી છેઅગાઉ ડબા ઉથલી પડયા હતા, એક મહિલાનો હાથ કાપવો પડયો હતો અને હવે બાળાનું મોતવડોદરા,કમાટીબાગ જોય ટ્રેન અવાર - નવાર વિવાદમાં આવે છે. અકસ્માતની આ ત્રીજી ઘટના છે. છેલ્લા ૭ વર્ષમાં જોય ટ્રેન ચાર વખત દોડતી બંધ કરવામાં આવી છે. બે અકસ્માત, કોરોના અને હરણી બોટકાંડ પછી ટ્રેન બંધ કરી દેવામાં આવી હતી.૨૦ જૂન ૨૦૧૮ ના રોજ કમાટીબાગમાં દોડતી જોય ટ્રેનના ડબા ખડી પડતા અકસ્માત થયો હતો. જોકે, અકસ્માતમાં કોઇને ગંભીર ઈજાઓ થઈ નહતી. ત્યારબાદ ટ્રેન બંધ કરી દેવાઇ હતી.૩ જી ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ વાડી મોટી વોરવાડમાં રહેતા ૪૨ વર્ષના સુમૈયાબેન મહંમદઈમ્તિયાઝ ખજૂરીવાલા રવિવારે સાંજે પરિવાર સાથે કમાટીબાગ ગયા હતા.ટ્રેનના સેફ્ટિ ગાર્ડ સાથે તેઓ અથડાયા બાદ હાથ ટ્રેનના પાટા પર પડતા હાથ કાપવો પડયો હતો.

ત્યારબાદ પણ ટ્રેન બંધ કરી દેવામાં આવી હતી.આજે એક માસૂમ બાળા જોય ટ્રેન નીચે કચડાઇ જતા તેનું મોત થયુ હતું. દરેક અકસ્માત પછી સરકારના અલગ - અલગ વિભાગોની મંજૂરી લઇને ફરીથી ટ્રેન દોડતી થાય છે.પરંતુ, ક્યાંક સલામતીને અવગણવામાં આવતી હોઇ અકસ્માતો બંધ થતા નથી.અકસ્માત પછી પણ ગાર્ડનમાં જોર જોરથી મ્યૂઝિક વાગતું રહ્યુંવડોદરા,અકસ્માતના સ્થળે હાજર એક વ્યક્તિનું કહેવું છે કે, ઘટના પછી પણ કમાટીબાગમાં મ્યૂઝિક જોર જોરથી વાગતું રહ્યું હતું. સ્ટાફના કોઇ લોકો તરત આવ્યા નહતા. છેવટે મેં જઇને સ્વીચ બંધ કરી હતી. આ ઘટના પાછળ જવાબદાર સામે કડક કાર્યવાહી કરવી જોઇએ. જોય ટ્રેનને થતા અકસ્માતો રોકવા માટે તંત્ર દ્વારા કોઇ અસરકારક કામગીરી થતી નથી.અકસ્માત કઇ રીતે થયો, તેની પોલીસ તપાસ શરૃ સીસીટીવી ફૂટેજ, નજરે જોનાર સાક્ષી અને ફરાર ડ્રાઈવરને પકડી પૂછપરછ કરાશેવડોદરા,અકસ્માતની ઘટના અંગે અલગ - અલગ વાત થઇ રહી છે. એક ચર્ચા એવી ચાલી રહી છે કે, બાળકી દોડતી દોડતી ટ્રેક પર પહોંચી જતા અકસ્માત થયો. બીજી વાત એવી થઇ રહી છે કે, બાળકી ચાલુ ટ્રેનમાં બેસવા જતા કચડાઇ ગઇ અને ત્રીજી વાત એવી છે કે, એન્જિનની ટક્કર વાગી. બનાવ અંગે સયાજીગંજ પોલીસે તપાસ હાથ ધરી છે. પી.આઇ.એ જણાવ્યું છે કે, હાલમાં પરિવારને મૃતદેહ સોંપવાની કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

# ઈકોએ રિક્ષાને અડફેટે લેતા એક જ પરિવારના 3 વ્યકિતનાં મોત




લીંબાસી પાસે વારકાંસ વિસ્તારમાં સીંજવાડાથી લગ્ન પ્રસંગમાં જતા પરિવારને અકસ્માત નડયો છે. કારચાલકે રોંગ સાઈડ આવીને રિક્ષાને અડફેટે લેતા ગંભીર રીતે ઘાયલ માતા તેનો પુત્ર અને પૌત્રનું મોત થયું છે. માતરના સીંજવાડા ગામમાં રહેતા કુરૈશી પરિવારના સંબંધી લગ્ન પ્રસંગ હોવાથી ઝહીરનબીબી ( ઉ.વ.૫૭) તેમનો પુત્ર ઈરશાદ અને તેની પત્ની નફીસાબાનું તેમજ સંતાનો સહિત રિક્ષામાં જતા હતા. આ દરમિયાન વારકાંસ પાસે ઈકો કારે રિક્ષાને ટક્કર મારી હતી. રિક્ષાના ચાલક ઈરશાદ સહિત પરિવારને ગંભીર ઈજા થઈ હતી. જેમાં ઝહીરનબીબી અને ઈરશાદને ૧૦૮ ની ટીમે સ્થળ પર મત જાહેર કર્યા હતા. જયારે નફીસાબાનું અને તેમના સંતાનોને ખેડા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. તે બાદ અયાનને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડાતા મોત થયું હતું. આ મામલે ઈરશાદના ભાઈએ લિંબાસી પોલીસ મથકે કાર ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

# ફતેપુરાના લુહાર મહોલ્લામાં પાણી -ડ્રેનેજની સમસ્યાથી સ્થાનિકો પરેશાન



શહેરના ફતેપુરાના લુહાર મહોલ્લામાં પાણી-ડ્રેનેજની સમસ્યાથી ત્રસ્ત લોકોએ કોર્પોરેશન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી સમસ્યાનું વહેલી તકે નિરાકરણ આવે તેવી માંગ કરી છે. શહેરના વોર્ડ નં 6માં સમાવિષ્ટ ફતેપુરાના લુહાર મહોલ્લામાં વારંવાર ઉભરાતી ડ્રેનેજની અનેક રજુઆત કરવા છતાં નિરાકરણ નહીં આવતા સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે, પાછલા 6 મહિનાથી અહી વારંવાર ડ્રેનેજની લાઈનો ચોકઅપ થઈ રહી છે, ડ્રેનેજ પાણી ઉભરાતા વિસ્તારમાં ગંદકી પણ થાય છે, કોર્પોરેશન અને સ્થાનિક કાઉન્સિલરને અનેક વખત રજૂઆત કરી છે, પરંતુ કોઈ સાંભળવા તૈયાર નથી, ડ્રેનેજ લાઈનો ચોકઅપ થતા વિસ્તારમાં પીવાનું પાણી પણ દૂષિત મળે છે, અને તેના કારણે વિસ્તારમાં વૃદ્ધ અને બાળકોમાં બીમારીનો વાવર છે, સમસ્યાનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો રોગચાળાનો ભય સતાવી રહ્યો છે.

# VVIP મુવમેન્ટ માટે આઈકોનિક રોડ પછી તંત્રને શુરાતન ચઢ્યું, રોડ બનાવવા કરતા સુશોભન પાછળ પ્રતિ કિ.મી. ૧૦ કરોડ ખર્ચ કરાય છે

## ઉપયોગમાં ના લેવાય એવી એમિનિટીઝ પાછળ થતો ખર્ચ અટકાવી મ્યુનિસિપલ કોર્પોરેશન નાગરિક સુવિધાના કામ કરી શકે છે

અમદાવાદમાં એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજ સુધી વી.વી.આઈ.પી. મુવમેન્ટ માટે ૩૫ કરોડના ખર્ચે પહેલો આઈકોનિક રોડ બનાવાયો હતો.આ રોડ બનાવાયા પછી તંત્રને શહેરભરમાં આવા રોડ બનાવાનું શુરાતન ચઢ્યુ છે. રોડ બનાવવામાં રોડ કરતા આસપાસ સુશોભન અને કયારેય ઉપયોગમાં નહીં લેવાય એવી એમિનિટીઝ પાછળ પ્રતિ કિલોમીટર રુપિયા ૧૦ કરોડ જેવો ખર્ચ કરાય છે.આ ખર્ચ અટકાવી મ્યુનિસિપલ કોર્પોરેશન નાગરિક સુવિધાના કામ કરી શકે છે. શહેરમાં રોડ-રસ્તા બનાવવા પાછળ કોર્પોરેશન સૌથી મોટો ખર્ચ કરે છે. આ સિવાય વરસાદ પછી રોડ ઉપર પડેલા ખાડા પુરવા માટે થતો ખર્ચ તો અલગ. શાહીબાગ વોર્ડમાં મહાપ્રજ્ઞાજી બ્રિજથી ઘેવર સર્કલ,રક્ષાશકિત સર્કલથી ડફનાળા સુધી બે કિલોમીટરના હયાત રોડને રુપિયા ૧૭ કરોડના અંદાજ સામે રુપિયા ૨૩.૬૪ કરોડ જેટલી રકમનો ખર્ચ કરી આઈકોનિક રોડ તરીકે ડેવલપ કરવા કોન્ટ્રાકટર શ્રીજી કન્સ્ટ્રકશનને તેમજ નરોડા વોર્ડમાં ૧.૯૦ કિલોમીટરના રોડને રુપિયા ૨૫.૮૦ કરોડના અંદાજ સામે રુપિયા ૩૩.૮૦ કરોડ જેટલી રકમનો ખર્ચ કરી આઈકોનિક રોડ તરીકે ડેવલપ કરવા એપેક્સ પ્રોટેક એલ.એલ.પી.ને કામગીરી આપવા રોડ કમિટી સમક્ષ દરખાસ્ત મંજૂરી માટે મુકવામાં આવી છે. પબ્લિક એમિનિટીઝ માટે શું-શું કરાશે? ઘેવર સર્કલ,રક્ષાશકિત સર્કલ તથા અન્ય ટ્રાફિક સર્કલ ડેવલપ કરાશે.રોડને સમાંતર અલગ અલગ જગ્યાએ પાંચ કારની ક્ષમતાવાળુ પાર્કિંગ બનાવાશે.લેન્ડ સ્કેપીંગ સાથેનો પેડેસ્ટ્રીયન ઝોન બનશે.લોકો બેસી શકે એ માટે આકર્ષક બેન્ચ સહીત સ્ટ્રીટ ફર્નિચર ઉપલબ્ધ કરાવાશે.નરોડા વિસ્તારમાં આવેલા સંત ટેઉરામ બ્રિજથી નાના ચિલોડાથી રીંગ રોડ સુધીના રોડને સીટી એન્ટ્રીના મુખ્ય રસ્તા તરીકે આગવી ઓળખ ઉભી થાય એ માટે ૬૦ મીટરના રોડને વોલ ટુ વોલ ડેવલપ કરાશે.જેમાં ગ્રીનરી, પાર્કીંગ, ફુટપાથ,સર્વિસ રોડ, થ્રી-વે રોડ, સેન્ટ્રલ વર્જ તથા બસસ્ટોપ સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.આ રોડની લંબાઈ ૧.૯ કિલોમીટર છે.બંને બાજુએ કેરેજ વેની પહોળાઈ ૧૦.૫૦ મીટર તથા સર્વિસ રોડની પહોળાઈ ૫.૫૦ મીટર રખાશે.૨ મીટર પહોળી સેન્ટ્રલ વર્જ ઉપરાંત બંને બાજુએ ૨.૧૦ મીટર પહોળાઈ ધરાવતુ પાર્કીંગતેમજ ચાર મીટર પહોળી ફુટપાથ બનાવાશે.બંને બાજુએ ૬.૯૦ મીટર પહોળાઈનો બફર ઝોન બનાવાશે.



# ખોડીયાર નગરમાં પાણી-ડ્રેનેજની સમસ્યાથી ત્રસ્ત નાગરિકોની તંત્ર સામે નારાજગી

શહેરના ખોડીયારનગરમાં વૈકુંઠ2ની સામે વરસાદી પાણીનો ભરાવો તથા પાણી - ડ્રેનેજની સમસ્યાથી ત્રસ્ત સ્થાનિકોમાં તંત્ર સામે નારાજગી જોવા મળી છે.



શહેરના વોર્ડ નં 4માં સમાવિષ્ટ ખોડીયાર નગર વિસ્તારમાં વૈકુંઠ 2ની સામે અને મોતીભાઈ પાર્ક સોસાયટીની પાછળ પીવાના પાણી તથા ડ્રેનેજની સમસ્યા સાથે વરસાદી પાણીનો ભરાવો થઈ રહ્યો છે. સ્થાનિક રહીશ કહેવું છે કે, અહી ડ્રેનેજ લાઇનની કામગીરીના કારણે માર્ગ ઉબડખાબડ થતા લોકોને લોકોને હેરાનગતિ થઈ રહી છે. તેવામાં વરસાદી પાણીનો નિકાલ ત્વરિત નહી થતા પાણીનો ભરાવો રહે છે. આ ઉપરાંત પૂરતા પ્રમાણમાં પાણી મળી રહ્યું નથી અને અવાર નવાર ડ્રેનેજ ચોકઅપ થવાની પણ સમસ્યા છે.

અત્રે યાદ અપાવવું જરૂરી છે કે, વરસાદ વરસતા શહેરમાં અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થાય છે. વર્ષોથી આ બાબતેઅનેક રજૂઆતો હોવા છતાં હજુ મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય વરસાદમાં પાણીનો ભરાવો થઈ રહ્યો છે. અને વરસાદ વરસતા સ્થાનિકો, રાહદારીઓ અને વાહન ચાલકોને હેરાનગતિ થતી હોય છે.

# ખોટા બિલથી 4 કરોડથી વધુની વેરા શાખ મેળવનાર બે પેઢી સામે કાર્યવાહી




બોગસ બિલિંગને લઈને ભાવનગર સેન્ટ્રલ જીએસટી વિભાગ એક્શન મોડમાં આવ્યું છે.

ખોટા બિલ થકી ચાર કરોડથી વધુની ખોટી વેરા શાખ મેળનારી સ્ટેશન રોડ આવેલી બે અલગ-અલગ પેઢીના પ્રોપરાઈટર અને પાર્ટનરની ધરપકડ કરી છે. જેની પુછપરછમાં સીએ, વચેટિયા, શ્રોફ અને આંગડિયા પેઢીની શંકાસ્પદ ભુમિકા ખુલતા તે દિશામાં તપાસ શરૂ થઈ છે.

ભાવનગર સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા ત્રણ દિવસ પૂર્વે રૂ.૮ કરોડથી વધુની ખોટી વેરા શાખ મેળવનારી અલંગની મેસર્સ રુચી સ્ટીલના પ્રોપ્રાઈટર ચંદ્રભાણ મૌર્યની ધરપકડ કરી જેલહવાલે કર્યા બાદ બોગસ બિલિંગને લઈને વિભાગે વધુ એક એક્શનમાં આવી છે. જેમાં શહેરના સ્ટેશન રોડ પર આવેલી મેસર્સ ક્રિષ્ના મશીન ટૂલ્સના પ્રોપ્રાઈટર અને મેસર્સ આર.આર.એન્ટરપ્રાઈઝના પાર્ટનર રાકેશ ગણપતભાઈ રાઠોડ (રહે.ભાવનગર)ની ખોટા બિલ થકી રૂા.૪.૨ કરોડથી વધુની વેરા શાખ મેળવવાના મામલે ધરપકડ કરવામાં આવી હતી અને પુછપરછમાં આરોપીએ સ્વિકાર્યું હતું.

કે, તે જુદાં-જુદાં સપ્લાયર્સને ૪ ટકાના કમિશનના આધાર પર ખોટા બિલ આપતો હતો અને વ્યવહાર સાચો લાગે તે માટે પેઢીના બેંક એકાઉન્ટમાં જમા કરી બાદમાં રોકડ ઉપાડી કમિશન કાપીને વચેટિયાને આપી દેતો હતો અને વધુમાં તેણે એમ પણ કબુલ્યું હતુ કે,તેના માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ૦.૫ ટકા કમિશન પર બોગસ બિલિંગ અને રિટર્ન ફાઈલ કરવા એકાઉન્ટની વ્યવસ્થા કરી દેતો હતો.

ત્યારે સેન્ટ્રલ જીએસટી વિભાગે આ મામલે સીએ, વચેટિયા, શ્રોફ તથા આંગડિયા પેઢીની શંકાસ્પદ ભુમિકાની તપાસ શરૂ કરી છે.

બન્ને પેઢીના નોંધણી નંબર રદ કરી આઈટીસી વસૂલાશે

સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા બોગસ બિલિંગ થકી ખોટી વેરાશાખ મેળવનારી મેસર્સ ક્રિષ્ના મશીન ટૂલ્સ અને મેસર્સ આર.આર.એન્ટરપ્રાઈઝના જીએસટી નોંધણી નંબર રદ કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે જેથી ખોટી વેરાશાખનો લાભ અટકી શકે અને આગામી દિવસોમાં ખોટી રીતે આપવામાં આવેલી આઈટીસી વસૂલવામાં આવશે.

# ગુજરાતના 34 તાલુકામાં માવઠું, કુતિયાણામાં બે કલાકમાં 4 ઈંચ વરસાદ ખાબક્યો, હજુ 3 દિવસ આગાહી



ગુજરાતમાં સાતમાં દિવસે પણ માવઠાનું સંકટ યથાવત્ રહ્યું છે. શનિવારે (10મી મે) 35 તાલુકામાં માવઠું પડયું હતું. જેમાં પોરબંદરના કુતિયાણામાં બે કલાકમાં સૌથી વધુ 4 ઈંચ વરસાદ ખાબક્યો હતો. જામકંડોરણા, ધોરાજી અને ઉપલેટામાં 1.5 ઈંચથી વધુ વરસાદ

મળતી માહિતી અનુસાર, કુતિયાણામાં શનિવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને 4 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે રાજકોટના જામકંડોરણામાં 3 ઈંચ, ધોરાજીમાં 2.50 ઈંચ, જેતપુરમાં 2.05 ઈંચ, ઉપલેટમાં 1.50 ઈંચ, જૂનાગઢના માણવદરમાં 1.50 ઈંચ, સાબરકાંઠાના ઈડરમાં 1.40 ઈંચ, અમરેલીના સાવરકુંડલામાં 1.25 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

આ પણ વાંચોઃ જૂનાગઢ સતત ચોથા દિવસે ભિંજાયું, માણાવદરમાં 2.5, ગ્રામ્ય પંથકમાં 4થી 5 ઈંચ કમોસમી વરસાદ

ગુજરાતમાં રવિવારે (11મી મે) 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાવવા ઉપરાંત ગાજવીજ સાથે વરસાદની આગાહી માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. તેમાં આણંદ, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવનો સમાવેશ થાય છે. આ સિવાય સોમવાર-મંગળવારના પણ અનેક જિલ્લામાં હળવા વરસાદની સંભાવનાને પગલે યલો એલર્ટ છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ એક્શન મોડમાં, જાહેર સ્થળ પર ચેકિંગ હાથ ધર્યું



: ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી તણાવભરી સ્થિતિ વચ્ચે શનિવાર સાંજે બંને દેશએ શસ્ત્ર વિરામની જાહેરાત કરી હતી પરંતુ થોડી કલાકમાં પાકિસ્તાને સેના સિઝફાયરનું ઉલ્લંઘન કરી ફાયરિંગ શરુ કર્યું હતું.

જોકે આ પહેલા જિલ્લા વહિવટી તંત્રએ વર્તમાન પરિસ્થિતિને લઈને સજ્જ બન્યું હતું. યુધ્ધની પરિસ્થિતિ દરમિયાન લોકોની સલામતી અને સુરક્ષા જળવાઈ રહે તેમજ બહારથી કોઈ શંકાસ્પદ વ્યક્તિઓ કે વસ્તુઓ પ્રવેશ ન કરી શકે તેવા હેતુથી એસઓજી પોલીસ, ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ સહિતની ટીમ દ્વારા સંયુક્ત રીતે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આવશ્યક ચીજ વસ્તુઓની સંગ્રહખોરી કરી ભાવોમાં કોઈ વધારો ન થાય તે માટે આવશ્યક ચીજવસ્તુના વિક્રેતા, રીટેઈલર્સ, પ્રોસેસર્સ, મિલર્સ અને ઈમ્પોર્ટસને સુચનાઓ તેમજ કાયદાકીય નિયમોનું પાલન કરવા ખાસ સુચનાઓ આપવામાં આવી છે. તેમજ જો કોઈ વ્યકિત કે સંસ્થા આવશ્યક ચીજ વસ્તુઓના સંગ્રહ કે જમાખોરીમાં સંડોવાયેલી જોવા મળશે તો તેમના વિરુદ્ધ નિયમો મુજબ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વઢવાણ ડેપ્યુટી કલેકટર કચેરી ખાતે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી જેમાં બ્લડ ડોનેશન કેમ્પ તેમજ પરિસ્થિતિને પહોંચી વળવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી આ તકે તમામ જ્ઞાતિના આગેવાનો સહિતનાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે લોહીની જરૂરીયાત ઉભી થાય તો તેને પહોંચી વળવાના હેતુથી લીંબડી સરકારી હોસ્પીટલ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

# પોલેન્ડના વર્ક પરમિટ વિઝા આપવાના બહાને છેતરપિંડી



છાણી રામા કાકાની ડેરી પાસે ઓમકારા રેસીડન્સીમાં રહેતા સોનલબેન રાહુલભાઈ પરમાર એ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે હું એક્સપ્રેસ હોટલ અલકાપુરીમાં નોકરી કરું છું. અમારે પોલેન્ડ ખાતે વર્ક પરમીટ પર જવાનું હોવાથી સારાભાઈ કેમ્પસમાં એટલાન્ટિસ બિલ્ડિંગમાં આવેલ યુરોકન ઈન્ટરનેશનલ કન્સલ્ટન્સીની ઓફિસે ગયા હતા જ્યાં ગૌરાંગ દિનેશભાઈ પટેલ મળ્યા હતા અને તેમને પોતાની ઓળખાણ કંપનીના માલિક તરીકે આપી હતી. પોલેન્ડના વર્ક પરમિટ અપાવવાના બહાને તેઓએ મારી પાસેથી 2.52 લાખ રૂપિયા લીધા હતા પરંતુ પોલેન્ડ મોકલી આપ્યા ન હતા અને તેમને પૈસાની પરત ચુકવણી પેટે આપેલા ચેક પણ રિટર્ન થયા હતા.

# નાપાક હરકતના પગલે ભુજ સહિત કચ્છમાં સજ્જડ બંધનો માહોલ

## પોલીસ વેને બજારો બંધ કરાવતા ખરીદી માટે નીકળેલા લોકોને ખાલી હાથે પાછા ફરવું પડયું

ઓપરેશન સિંદૂરની ચાલી રહેલી અસર બીજી બાજુ નાપાક હરકતના પગલે એક તરફ અંધારપટથી સવારે છૂટેલી ભુજ સહિત કચ્છના લોકો દૂધ, છાશ, શાકભાજી, રાશન અને પેટ્રોલની ખરીદી માટે નીકળ્યા હતા ત્યારે પોલીસ વાને દુકાનો બંધ કરાવી દેતાં બહાર ઉભેલા દુકાનદારોને લોકો રીતસરના આજીજી કરતા નજરે પડયા હતા.

ડેરીના દૂધના પાઉચ બગડી જવાનો ભય વ્યકત કરનારા નાના દુકાનદારોને દુકાન બંધ કરી બહાર કૈરેટ રાખવાની ફરજ પડી હતી. તો બાળકો માટે બિસ્કીટ કે વેફરના પડીકા ખરીદવા ઈચ્છનારાને ધસીને દુકાન ખોલીને આપવાની ના પાડી દેવાતી હતી. શાકભાજીની પરંપરાગત સવારે ખરીદી માટે નીકળેલા મહિલા વર્ગે વીલે મોઢે પાછા ફરવું પડયું હતું. કાછીયાઓના કહેવા મુજબ બપોરે ત્રણ વાગ્યા બાદ છૂટ મળશે તો દુકાનો ખોલીને વેચાણ શરૂ કરશું. ત્રણ દિવસ આવક બંધ રહેવાની સંભાવના દર્શાવતા હોવાથી અમદાવાદ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફથી આવતી ટ્રકો જો આવે તો ચોથા દિવસે માલ પહોંચે તેમ હોવાનું ચર્ચાતું હતું. વરસાદી માહોલના કારણે કેરી સહિતના ફળોનો માલ બગડી જવાની અને શાકભાજી સુકાઈ જાય તો ભાવ ન મળવાની પીડા વેપારી વર્ગે વ્યકત કરી હતી. જીવન જરૂરિયાત બની ગયેલા વાહનોમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસ ભરાવવા માટે પમ્પો ઉપર દ્વિચક્રી અને મોટરોના કાફલા સવારથી ઉભા રહી ગયા હતા. કેટલાક પૈટ્રોલ પંપ વાળાએ જણાવ્યું કે ૩૦ ટકા માલ રિઝર્વ રાખીને બાકીને રૂા. ૧ હજારની મર્યાદામાં અપાશે.આવતીકાલે માલ આવ્યેથી રાબેતા મુજબ પૂરતો જથ્થો ફાળવાશે. ફરસાણ મીઠાઈવાળા દુકાનદારો માલ બગડી જવાની ચિંતામાં ડૂબ્યા હતા. ભુજના સ્વામિનારાયણ સહિતના મંદિરો સ્વયંભૂ બંધ રહ્યા હતા. ભુજના બસ પોર્ટ પર બહાર ગામ જવા માટે પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો. પોલીસે બજારો અને વાહનો બંધ કરાવતાં એકલ દોકલ વાહનો કે લોકો સિવાય કોઈ ન દેખાતાં કોરોના વખતનાં લોકડાઉન જેવી સૂમસામ પરિસ્થિતિ સર્જાતાં લોકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.



# સુરેન્દ્રનગર મનપાના ઢોર પાર્ટીનું ટ્રેક્ટર વીજ પોલ સાથે અથડાયું



સુરેન્દ્રનગર દાળમીલ રોડ પર મનપા તંત્રના ટ્રેકટરચાલક દ્વારા વિજપોલ પાડી દેવામાં આવતા કલાકો સુધી આ વિસ્તારમાં વિજપુરવઠો ખોરવાઈ જતા લોકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો જ્યારે બપોરનો સમય હોવાથી જાનહાની ટળી હતી. દાળમીલ રોડ પર શક્તિ માતાજીના મંદિર જતાં રસ્તા પર ચોકમાં જ મનપા તંત્રના ઢોર પકડવાના ટ્રેકટરના ચાલક દ્વારા બેદરકારીથી ટર્ન લેતા વીજ પોલ સાથે ધડાકાભેર ટ્રેકટર અથડાવતા બેથી ત્રણ વીજ પોલ તુટીને નીચે જમીન પર પડતા આસપાસના લોકોમાં તેમજ દુકાનદારો અને વાહનચાલકોમાં પણ ભય જોવા મળ્યો હતો. જ્યારે ટ્રેકટર ચાલક અકસ્માત સર્જી નાસી છુટયો હતો. આ બનાવની જાણ થતાં પીજીવીસીએલ તંત્રની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી રિપેરીંગની કામગીરી હાથધરી હતી. વીજ પોલી પડી જતા વિસ્તારમાં અંદાજે બેથી ત્રણ કલાક સુધી વીજ પુરવઠો બંધ રહ્યો હતો. બપોરનો સમય હોવાથી આ રસ્તા પર લોકોની અવર-જવર ઓછી હોવાથી સદનસીબે જાનહાનીનો બનાવ બન્યો નહોતો જ્યારે આ મામલે જવાબદાર ટ્રેકટરના ચાલક સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. ટ્રેક્ટર ચાલકની બેદરાકરીથી લોકોના જીવ તાળવો ચોંટયા દાળમીલ રોડ પર ત્રણ વીજ પોલ પડી જતાં તંત્રએ સમારકામ હાથ ધરી વીજ પુરવઠો પૂર્વવત્ કર્યો .

## સે-૮માં માર્ગો પાસે વરસાદમાં જમીન બેસી જવાથી ભૂવા પડયા



ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પાઈપલાઈન નાખવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.ત્યારે ઘણા વિસ્તારમાં યોગ્ય રીતે પુરાણ કરવામાં નહીં આવતા તાજેતરમાં થયેલા કમોસમી વરસાદમાં ખાડા મુસીબત બન્યા છે. પાણીનો યોગ્ય રીતે નિકાલ નહીં થતાં સ્થાનિક રહીશોની હાલત કફોડી બની જવા પામી છે.તો અવરજવર કરવામાં પણ હેરાન પરેશાન થવાની નોબત આવી છે.તો ઘણી જગ્યાએ જમીન બેસી જવાના કારણે હાલમાં ભુવા પડી રહ્યા છે. પાટનગર સહિત જિલ્લામાં બદલાયેલા વાતાવરણના પગલે છેલ્લા બે-ત્રણ વરસાદી માહોલ જામ્યો હોય તે પ્રકારે કમોસમી વરસાદ પડયો હતો. ત્યારે ઘણા વિસ્તારમાં વરસાદી પાણી આફત બની રહ્યા હોય તે પ્રકારે ઠેરઠેર ભરાઈ જવાના કારણે સ્થાનિક રહીશો પરેશાન થઈ ગયા હતા.કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ સેક્ટર-૮માં થોડા દિવસ અગાઉ પાઈપલાઈનની કામગીરી શરૂ કરવામાં આવી હતી.તે પૂર્ણ થયા બાદ યોગ્ય રીતે પુરાણ કરવામાં નહીં આવતા આંતરિક વિસ્તારોમાં તાજેતરમાં થયેલા વરસાદના પગલે જમીન બેસી જવાના કારણે ભુવા પડી જતા પાણી ભરાઈ ગયા હતા.જેના પગલે રહીશોને અવર-જવર કરવામાં પણ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

## ગાંધીધામ મેઈન માર્કેટ સજ્જડ બંધ : લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા તંત્રની અપીલ



ગાંધીધામ: કચ્છ કલેક્ટરની અપીલ બાદ ગાંધીધામનાં વેપારીઓ દ્વારા મેઈન માર્કેટ સજ્જડ બંધ કરી દેવામાં આવી છે. દિવસ - રાત ધમધમતા ગાંધીધામનાં રોડ રસ્તા જાણે કર્ફ્યુ લાગ્યું હોય એમ સુમસાન થઇ ગયા હતા.

પોલીસ દ્વારા પર પણ માઈક વડે લોકોને સાવચેત રહેવા અને બીન જરૂરી બહાર ન નીકળવા અપીલ કરાઈ રહી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ભરી સ્થિતિમાં પાકિસ્તાને ભારતની પશ્ચિમી સરહદ પર ડ્રોન હમલાઓ કર્યા છે. જેમાં કચ્છનો પણ સમાવેશ થાય છે. ગત શનિવારે વહેલી સવારમાં કચ્છનાં કેટલાક તાલુકામાં

ડ્રોન વડે હમલાઓ કર્યા હતા. જે હુમલોઓ ભારતીય સેનાએ નિષ્ફળ કરી દીધા હતા. જેમાં શનિવારે વહેલી સવારે આદિપુરમાં પણ ડ્રોન વડે હુમલો કરાયો હતો પરંતુ ભારતની સજાક સેનાએ ડ્રોનનાં ફુર્ચા ઉડાળી દીધા હતા.

કચ્છ હાલ હાઈ અલર્ટ પર છે. જેની અસર ગાંધીધામમાં પણ જોવા મળી રહી છે. વિપરીત પરિસ્થિતિને પહોંચી વડવા અને લોકોની સુરક્ષાને ધ્યાને લઈ કચ્છ કલેક્ટરે લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરાઈ હતી. જે અપીલ બાદ પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ગાંધીધામનાં અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ વાહનોમાં માઈક દ્વારા લોકોને અપીલ કરી પોતાના રોજગાર ધંધા બંધ રાખવા અને ઘરે રહેવા અપીલ કરી હતી. જેમાં દિવસનાં ભાગે ધમ ધમતી ગાંધીધામની મેઈન માર્કેટ વેપારીઓ દ્વારા સજ્જડ બંધ કરી દેવામાં આવી હતી. વેપારીઓ દ્વારા ઈમરજન્સી સેવા શિવાયમાં તમામ વ્યાપરીક દુકાનો, શોપિંગ મોલ સવ્યભું રીતે બંધ કરી દીધા હતા. જેથી દિવસ રાત ટ્રાફિકથી ધમ - ધમતા રોડ રસ્તા એક દમ સુમસાન થઈ ગયા હતા.

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ગાંધીધામનાં અલગ અલગ વિસ્તારોમાં લોકોને બીન જરૂરી બહાર ન નીકળવા અને પોતાના ઘરે રહેવા માઈક દ્વારા અપીલ પણ કરવામાં આવી રહી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ભરી સ્થિતિમાં પાકિસ્તાને ભારતની પશ્ચિમી સરહદ પર ડ્રોન હમલાઓ કર્યા છે. જેમાં કચ્છનો પણ સમાવેશ થાય છે. ગત શનિવારે વહેલી સવારમાં કચ્છનાં કેટલાક તાલુકામાં ડ્રોન વડે હમલાઓ કર્યા હતા.

## ભારતના નિકાસકારોને પણ ફાયદો થશે એક્સચેન્જ રેટની એનિશ્ચિતતાના સમયમાં કરન્સીના સોદાના દર નક્કી કરવા સરળ થશે



(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શનિવાર

પરદેશના ઈન્વેસ્ટર ભારતમાં રોકાણ કરવા માટે મોકલે અને ભારતમાંથી વિદેસમાં ડૉલર મોકલે તો તેમના એક્સચેન્જના દર હવે સ્પોટરેટ પ્રમાણે એટલે કે બજારના હાજર ભાવ પ્રમાણે ગણવામાં આવશે. અત્યાર સુધી ફોરેક્સ મોકલે તે પછીના બે દિવસ દરમિયાન થનારી ભાવની વધઘટ પ્રમાણમાં મોકલેલી ફોરેક્સનો એક્સચેન્જ રેટ નક્કી થતો આવતો હોવાથી તેમણે મોકલેલા ફોરેક્સનો વટાવ કેટલા દરથી થયો તે અંગે પારદર્શકતા રહેતી નહોતી.

આ સ્થિતિને બદલવા માટે મિનિસ્ટ્રી ઓપ કોર્પોરેટ અપેર્સે એએસ-૨૧માં ફેરફાર કર્યો છે. તેનાથી એક્સચેન્જ રેટની બાબતમાં નિશ્ચિતતા ન હોય તેવા સમયમાં કરન્સીના એક્સચેન્જના સોદાઓ સરળતાથી અમલમાં મૂકી શકાશે.

અત્યાર સુધી હાજર ભાવ વત્તા બે દિવસની વધઘટ પ્રમાણેનો એક્સચેન્જ રેટ લાગુ કરવામાં આવતો હોવાથી વિદેશથી ભારતમાં પૈસા મોકલનારને ખબર જ પડતી નહોતી કે તે પૈસા કયા દરે એક્સચેન્જ થશે.

આમ જૂની વ્યવસ્થામાં પારદર્શકતાનો અભાવ હતો. હવે વિદેશથી ૧૦૦૦ અમેરિકી ડૉલર મોકલનારને સ્પોટ રેટ રૂા. ૮૫નો હશે તો તેના રૂા. ૮૫૦૦૦નું રોકાણ થશે તે નિશ્ચિત થઈ જશે. ભૂતકાળમાં તેનું રોકાણ રૂા. ૮૪,૫૦૦ કે પછી ૮૫,૨૦૦એ પણ થતું હતું. હવે આ બાબતમાં પૂર્ણ પારદર્શકતા આવી જશે.

અત્યારે જે દિવસે નાણાં મોકલે તે દિવસ પછીના બે દિવસ સુધીમાં ફોરેક્સના દરમાં થતાં ફેરફારને જોઈને અનુકૂળ પડે તે રીતે ફોરેક્સનો એક્સચેન્જ રેટ નક્કી કરવામાં આવતા વિદેશ નાણાં મોકલનારને કે પછી વિદેશથી ભારતમાં નાણાં મોકલનારને ગેરલાભ થતો હતો. પરંતુ આ સુધારાને પરિણામે મોકલેલા નાણાં સામે કેટલા નાણાં મળશે તે ચોક્કસ પણે નિશ્ચિત કરી શકાશે.

આમ એએસ-૨૧માં કરવામાં આવેલા પ્રસ્તુત ફેરફારને કારણે એક્ઝેટ એક્સચેન્જ રેટ જાણી શકાશે.

વિદેશથી ભારત નાણાં મોકલતી અને ભારતમાંથી વિદેશમાં નાણા મોકલતી કંપનીઓને પણ તેનો ફાયદો મળશે. ટૂંકા ગાળામાં હૂંડિયામણના દરમાં મોટા ફેરફાર આવી જતા ઘણી વાર મોટું નુક્સાન થઈ જતું હતું તો કેટલીકવાર મોટો લાભ મળી જતો હતો. પરંતુ તેને કારણે અનિશ્ચિતતા રહેતી હતી. હવે આ અનિશ્ચિતતા રહેશે નહિ.

## ભાવનગરમાં 4 થી વધુ સ્થળોએ આજે રક્તદાન કેમ્પ યોજાશે



ભારત-પાક. યુદ્ધ વચ્ચે તણાવને લઈ સરકાર એલર્ટ મોડ પર છે તેવામાં સંભવિત આપત્તિને ધ્યાને લઈ ઠેર-ઠેર રક્તદાન કેમ્પ યોજાઈ રહ્યા છે. દરમિયાનમાં મોડી સાંજે યુદ્ધ વિરામની જાહેરાત કરવામાં આવી છે છતાં શહેરમાં ચાર અને જિલ્લામાં વલ્લભીપુર ખાતે આવતીકાલ રવિવારે વિવિધ સ્થળોએ રક્તદાન કેમ્પ યોજાશે.

શહેરના સેતુબંધ માણેકવાડી મિત્ર મંડળના ઉપક્રમે એક બોટલ દેશ કે નામ શિર્ષક તળે આવતીકાલ તા.૧૧ને રવિવારે સાંજે ૫ થી રાત્રીના ૯ સુધી સર પટ્ટણી રોડ પર ક્રેસંટ સર્કલ પાસેના શિવશકિત હોલમાં મહા રકતદાન કેમ્પ યોજાશે. તેમજ રવિવારે સવારે ૯ થી ૨ દરમિયાન શહેરના મોતીબાગ ટાઉનહોલમાં શહેર ભાજપ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. તેમજ ગોલ્ડન ગુરપ ઓફ ભાવનગર, બિઝનેસ સેન્ટર વેપારી એસોસીએશન અને સર ટી. હોસ્પિટલની બ્લડ બેન્કના સહયોગથી રવિવારે સવારે ૯ થી બપોરે ૧ સુધી શહેરના ઘોઘાગેટ પોલીસ ચોકી સામે આવેલ બિઝનેસ સેન્ટર પાસે રકતદાન શિબિર યોજાશે. આ ઉપરાંત રોટરી કલબ ભાવનગર રોયલ તથા હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસીએશન દ્વારા રવિવારે સવારે ૯ થી બપોરે ૧ સુધી શહેરના વાઘાવાડી રોડ પર ઓનેસ્ટ રેસ્ટોરન્ટ પાસે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. આ ઉપરાંત સ્થાનિક રહિશો દ્વારા સર ટી. હોસ્પિટલની બ્લડ બેન્કના સહયોગથી આવતીકાલ તા.૧૧ ને રવિવારે સવારે ૯ થી ૧૨ વલ્લભીપુરમાં આવેલ જી.એન.ગોટી કેન્દ્રવર્તી શાળા નં.૧ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

## સાયન્સમાં ગુજરાતી કરતા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો




વડોદરા: અંગ્રેજી માધ્યમના વધતા જતા ક્રેઝના કારણે વડોદરામાં ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા કરતા વધી ગઈ છે.તાજેતરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી અને તેના આંકડા પ્રમાણે વડોદરા શહેર જિલ્લામાંથી અંગ્રેજી માધ્યમના ૩૬૦૭ અને ગુજરાતી માધ્યમના ૨૭૩૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.આ આંકડો ગુજરાત બોર્ડનો છે.જ્યારે સેન્ટ્રલ બોર્ડની તો ૧૦૦ ટકા સ્કૂલો અંગ્રેજી માધ્યમની છે.શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા જાણકારોના કહેવા પ્રમાણે શહેરી વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોથી અંગ્રેજી માધ્યમની જ બોલબાલા વધી છે અને મોટાભાગે શહેરી વિસ્તારોના વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવાનું પસંદ કરતા હોય છે.ધો.૧૨ કોમર્સમાં અને ધો.૧૦માં હજી પણ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે. કારણકે ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગની સ્કૂલો ગુજરાતી માધ્યમની છે. શહેરોમાં ગુજરાતી માધ્યમની વિજ્ઞાન પ્રવાહની સ્કૂલોની હાલત કફોડી બની રહી છે.કેટલીક સ્કૂલો એવી હતી જ્યાં એક દાયકા પહેલા વિજ્ઞાન પ્રવાહના ૬-૬ વર્ગ ચાલતા હતા અને હવે માંડ એક વર્ગ રહ્યો છે.ઉપરાંત મેડિકલ અને એન્જિનિયરિંગમાં પણ મોટાભાગનો અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં થતો હોવાથી સાયન્સમાં ભણવા માગતા વિદ્યાર્થીઓને અંગ્રેજી માધ્યમ વધારે અનુકુળ આવી રહ્યું છે.માતૃભાષામાં શિક્ષણ મેળવવું વધારે સારુ છે પણ વાલીઓ સમજવા તૈયાર નથીધો.૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ભણાવતા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘના આગેવાન અને શિક્ષક ધર્મેન્દ્ર જોષીનું કહેવું છે કે, શહેરી વિસ્તારોમાં તો ધો.૧૧-૧૨ કોમર્સમાં પણ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની સંખ્યા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ જેટલી જ થઈ ગઈ છે.

જોકે તેના કોઈ સત્તાવાર આંકડા ઉપલબ્ધ નથી.હકીકત તો એ છે કે, માતૃભાષામાં વિદ્યાર્થી વધારે સારી રીતે જાણકારી ગ્રહણ કરી શકે છે પરંતુ અંગ્રેજી માધ્યમના ક્રેઝ વચ્ચે વાલીઓ આ વાત સમજવા તૈયાર નથી.પાંચેક વર્ષમાં ૭૫ ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમના હશે અંગ્રેજી માધ્યમની ગ્રાન્ટેડ સ્કૂલના આચાર્ય કિરિટભાઈ ડાભી કહે છે કે, ગ્રામ્ય વિસ્તારમાં તો હજી પણ ગુજરાતી સ્કૂલોનું ચલણ વધારે છે પરંતુ શહેરી વિસ્તારમાં સ્થિતિ છેલ્લા ૧૦ વર્ષમાં ઝડપથી બદલાઈ છે.અંગ્રેજી માધ્યમ તરફ વાલીઓનો આ જ રીતે ઝુકાવ રહ્યો તો આગામી પાંચેક વર્ષમાં સાયન્સમાં માત્ર ૨૫ ટકા વિદ્યાર્થીઓ ગુજરાતી માધ્યમમાં અને ૭૫ ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા હશે. કારણકે ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગની સ્કૂલો ગુજરાતી માધ્યમની છે. શહેરોમાં ગુજરાતી માધ્યમની વિજ્ઞાન પ્રવાહની સ્કૂલોની હાલત કફોડી બની રહી છે.

## સરહદી વાગડમાં પોલીસનું પેટ્રોલિંગ, તકેદારી રાખવા લોકોને અનુરોધ



ભુજ: રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખોટી અફવા ન ફેલાવવા અને જાગૃતિ દાખવાય તે માટે તંત્ર અને પોલીસ દ્વારા તકેદારી દાખવાઈ રહી છે. વર્તમાન સ્થિતીને ધ્યાને રાખીને લોકોને સર્તકતા દાખવવા પોલીસે અપીલ કરી છે.

આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા પૂર્વ કચ્છના રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર તથા ખડીર વિસ્તારના સરહદી ગામોમાં તથા રાપર શહેર ઉપરાંત ગાગોદર લાકડીયા બાલાસર સામખીયારી સહિતના વિવિધ વિસ્તારોમાં આવેલા ગામોમાં યુધ્ધની પરિસ્થિતી ઉભી થાય તો કેવી રીતે બચાવ કરવા તથા આરોગ્ય પોલીસ મહેસુલ તથા ગામ લોકો ને પરિસ્થિતિ વાકેફ કરવા માટે જિલ્લા કલેક્ટર આનંદ પટેલ તથા બોર્ડર રેન્જઆઈજી ચિરાગ કોરડીયાની સુચનાથી પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ રાપર તાલુકા ના વિવિધ ગામોમાં જાગૃતિ લાવવા માટે લાઉડ સ્પીકર દ્વારા વાકેફ કરવામાં આવ્યા હતા. રાપર મામલતદાર, ભચાઉ પાલિકા ચીફ ઓફિસર, પી.આઈ. પીએસઆઈ સહિત ના અધિકારીઓએ રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર શહેરી વિસ્તાર સરહદી વિસ્તારમાં લોકોને જાગૃત લાવવા માટે માઇક દ્વારા વાકેફ કરવામાં આવી રહ્યા છે. ખોટા મેસેજ ના કરવા લોકો ને ભેગા થઈ ખોટી અફવા ના ફેલાવી સ્વયંભૂ બ્લેક આઉટ કરવા જાહેર સ્થળ પર લાઈટ બંધ રાખવા ફટાકડા ના ફોડવા લગ્ન પ્રસંગે કોઈ અફવા ના ફેલાવવી આરોગ્ય માટે એકબીજા ને મદદ કરવી તથા વહિવટી તંત્રને સાથ સહકાર આપવા અપીલ કરાઈ છે. ઉપરાંત આડેસર અને સામખિયાળી ના સુરજબારી ચેક પોસ્ટ રાઉન્ડ ધ ક્લોક પોલીસ પેટ્રોલીંગ તથા વાહનો ચેકીંગ કરવામાં આવી રહ્યા છે.

## છેલ્લા 10 વર્ષથી 23 વર્ષની યુવતી દેશના શહીદ જવાનોના પરિજનોને કરે છે આર્થિક મદદ



ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષની સ્થિતિ વચ્ચે અનેક યુવાનો લડતના મેદાનમાં જવા માટે જુસ્સો દર્શાવી રહ્યા છે. જ્યારે 23 વર્ષની યુવતી જ્યારે શાળામાં અભ્યાસ કરતી હતી ત્યારથી જ દેશના સૈનિકોને કેન્દ્રમાં રાખીને દેશ સેવા કરી રહી છે. ખાસ કરીને શહીદ થયેલા સૈનિકોના પરિવારો પ્રત્યે સહાનુભૂતિ રાખી આર્થિક મદદની સાથે નિયમિત સંપર્કમાં રહે છે.યુપીએસસી તેમજ જીપીએસસી જેવી સિવિલ સર્વિસની પરીક્ષાની તૈયારીઓ કરતી વિધિ રાજેન્દ્રકુમાર જાદવે (ઉ.વ.23) દેશની બોર્ડર પર અથવા પુલવામા, ઉરી, પઠાણકોટ હુમલા સહિત અન્ય હુમલામાં શહીદ થયેલા સૈનિકો પૈકી 397 સૈનિકોના પ્રત્યેક પરિવારોને રૂ. 5 હજાર તેમજ આશ્વાસન પત્ર મોકલ્યા છે. દેશદાઝ ધરાવતી વિધિએ શહીદ થયેલા સૈનિકો પૈકી 165 સૈનિકોના પરિવારનો ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં જઈને રૂબરુ સંપર્ક કર્યો છે. વિધિએ જણાવ્યું હતું કે વર્ષ-2015માં જ્યારે હું શાળામાં અભ્યાસ કરતી હતી ત્યારે ખેડા જિલ્લાના સનાદ્રા ગામનો એક યુવાન શહીદ થયો તે મેં સમાચાર વાંચ્યા બાદ પરિવારજનો સાથે હું શહીદ સૈનિકના ઘેર ગઈ હતી. તે સમયે માત્ર રૂ.500 સહાય કરવા માંગતી હતી પરંતુ સૈનિકના ઘરની હાલત જોઈ અને રૂ.5000 આપ્યા હતાં. આ ઘટના બાદ તેને શહીદ સૈનિકોને પરિવારોને મદદ કરવાનો ક્રમ બનાવી દીધો હતો અને શહીદ સૈનિકોના પરિવાર દીઠ રૂ.5 હજાર મોકલી રહી છે. પુલવામા તેમજ ઉરી હુમલામાં શહીદ થયેલા સૈનિકના પરિવારોને જો કે રૂ.11 હજાર આપ્યા હતાં.શહીદ સૈનિકોના પરિવારોના સતત સંપર્કમાં રહું છું અને તેના કારણે 15જેટલા પરિવારજનો મારા ઘેર પણ આવ્યા છે. એટલું જ નહી પરંતુ શહીદ સૈનિકનું સ્ટેચ્યૂ ગામમાં સ્થાપિત કરવાનું હોય ત્યારે મને પણ તેઓ આમંત્રણ આપે છે અને તેમાં હું અચુક હાજરી આપું છું. છેલ્લા દશ વર્ષમાં શહીદ સૈનિક પરિવારજનોને કુલ રૂ.20 લાખની સહાય કરી છે. મૂળ નડિયાદની વતની વિધી જાદવ અનેક ક્ષેત્રોમાં લોકોને મદદરૂપ થાય તેમ ઈચ્છે છે.વિધિ તહેવારોની ઉજવણી બોર્ડર પર સૈનિકો સાથે કરે છેવિધિ જાદવ મહત્વના તહેવારો સૈનિકો સાથે જ ઉજવવાનું પસંદ કરે છે. ખાસ કરીને દેશની સરહદો પર સૈનિકો ડયૂટિ પર હોય ત્યારે તેઓની મુલાકાત લઇ મીઠાઇ તેમજ ચોકલેટ્સનું વિતરણ કરી તેઓની સાથે તહેવારોની ઉજવણી કરે છે. તેણે ચાર બોર્ડર વિસ્તારોમાં જઈને સૈનિકો સાથે તહેવારોની ઉજવણી કરી છે.વર્લ્ડ પીસ ડેના દિવસે યુનો તેમજ 62 દેશોના વડાને પત્રો લખ્યા હતાંતા.21 સપ્ટેમ્બર 2018માં વર્લ્ડ પીસ ડેની ઉજવણી થઇ ત્યારે વિધિએ યુનોના સેક્રેટરી જનરલ તેમજ તેના 62 જેટલા સભ્યોના વડાને વિશ્વમાં શાંતિની અપીલ માટેના પત્રો લખ્યા હતાં. તેના આ પત્રોની અનેક દેશોએ નોંધ લીધી હતી અને અનેક દેશોએ તેને રિપ્લાય પણ આપ્યો હતો.સૈનિકો સામેથી શહીદોની વિગતો મોકલે છેવિધિ જાદવ દ્વારા શહીદ સૈનિકોના પરિવારોને આર્થિક સહાય મોકલવા ઉપરાંત તેમના નિયમિત સંપર્કથી અનેક સૈનિકોમાં તે લોકપ્રિય થઇ ગઇ છે. કેટલાંક સૈનિકો તો શહીદ સૈનિકોની વિગતો સામેથી વિધીને મોકલે છે. હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુધ્ધમાં શહીદ થયેલા બે સૈનિકો દીનેશકુમાર શર્મા અને મુરલી નાયકને પણ વિધીએ આર્થિક સહાય સાથે આશ્વાસનપત્ર મોકલ્યા છે.કેટલીક વખત તકલીફો છતાં મદદ મળી રહે છેવિધિ જાદવે જણાવ્યું હતું કે શહીદ સૈનિકોના પરિવારજનોને મદદ કરવા ઉપરાંત શાળામાં વિદ્યાર્થીઓ માટે મદદ કરવા તત્પર રહું છું. આ માટે પૈસાની મદદ મારા અંગત ખર્ચમાંથી બચતની સાથે પરિવારજનો મદદ કરે છે તેમજ સિનિયર સિટિઝનો મારી મદદમાં ખાસ જોડાતા હોય છે. થોડા સમય પહેલાં આર્થિક સમસ્યા ઉભી થઇ હોવા છતાં શહીદ સૈનિકોના પરિવારને મદદ કરવાનો જુસ્સો અકબંધ છે.

# ડાન્સબારમાં રાતો વિતાવી, પ્રોસ્ટિટ્યૂશન સાઇટ પર મોબાઇલ નંબર લીક થયો; 'ધ કેરલ સ્ટોરી'થી જાણીતી બની

બોલિવૂડમાં એવી ઘણી એક્ટ્રેસિસ છે જેઓ ફિલ્મ ઉદ્યોગ સાથે કોઈ જોડાણ ન હોવા છતાં, આજે તેમની પ્રતિભા અને મહેનતના બળે ટોચ પર છે. આજે અમે તમને આવી જ એક એક્ટ્રેસ વિશે જણાવીશું, જેનું સાચું નામ ચામુંડેશ્વરી ઐયર હતું.કારકિર્દીની શરૂઆતમાં, તેને એક કે બે વાર નહીં પરંતુ ઘણી વખત રિજેક્શનનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમ છતાં, તેણે ક્યારેય હાર માની નહીં. સમય જતાં, તેણે એક એવી ફિલ્મમાં કામ કર્યું જેણે તેને દેશભરમાં ઓળખ આપી. આ એક્ટ્રેસ બીજું કોઈ નહીં પણ અદા શર્મા છે.અદા શર્માના ૩૩મા જન્મદિવસ નિમિત્તે, ચાલો જાણીએ તેના જીવન સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો..એક્ટિંગ માટે અભ્યાસ છોડી દીધોઅદા શર્માને બાળપણથી જ એક્ટિંગનો ખૂબ શોખ હતો. તેણે ખૂબ જ નાની ઉંમરે ડાન્સ શીખવાનું શરૂ કર્યું હતું કારણ કે તેને ડાન્સ ખૂબ જ ગમે છે. જ્યારે તે ધોરણ 10 માં હતી, ત્યારે તેણે એક્ટિંગમાં કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું હતું અને આ કારણે તેણે અભ્યાસ છોડી દેવાનો નિર્ણય લીધો હતો.જોકે, પરિવાર દ્વારા સમજાવ્યા બાદ, તેણે કોઈક રીતે 12મા ધોરણ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. આ પછી તેણે પોતાનો અભ્યાસ છોડી દીધો અને કથકમાં સ્નાતક થઈ. અદાએ 'બેલે', 'સાલ્સા' અને 'જાઝ' જેવાં ડાન્સ ફોર્મમાં પણ તાલીમ લીધી છે.ઘણી ફિલ્મોમાં રિજેક્શન મળ્યુંઅદા હંમેશા ફિલ્મોમાં હિરોઈન બનવા માગતી હતી. જ્યારે તે



બોલિવૂડમાં પ્રવેશી ત્યારે શરૂઆત સરળ નહોતી. તેના દેખાવને લઈને તેને ઘણી વખત અસ્વીકારનો સામનો કરવો પડ્યો. એક ઈન્ટરવ્યૂમાં, તેણે ખુલાસો કર્યો હતોઃ 'મારી કારકિર્દીની શરૂઆતમાં, લોકો મને સ્પષ્ટપણે કહેતા હતા કે હું સારી દેખાતી નથી. નાકની સર્જરી કરાવો અને સુંદર નાક મેળવો. કેટલાક લોકોએ કહ્યું કે હવે ઘણું મોડું થઈ ગયું છે, તમે હવે બદલી શકતા નથી.''તે સમયે, આ વાતથી મને ખૂબ દુઃખ થયું અને મેં તેને હૃદય પર લીધું. જોકે, પછીથી મને ધીમે ધીમે સમજાયું કે જો તેઓ મને નકારવા માગતા હોય, તો હું ગમે તેવો દેખાઉં, તેઓ તેમ જ કરશે, પરંતુ જો હું કોઈ ભૂમિકા માટે યોગ્ય હોઉં અને તેમાં કેટલીક ખામીઓ હોય, તો તેઓ મને કોઈ પ્રોજેક્ટ માટે લેશે.'15 વર્ષની ઉંમરે ડેબ્યૂ કર્યું હતુંઘણા સંઘર્ષ પછી, અદાને આખરે '1920' ફિલ્મથી બોલિવૂડમાં પગ મૂકવાની તક મળી. આ ફિલ્મ 2008માં રિલીઝ થયેલી એક હોરર ફિલ્મ હતી. તે સમયે તે માત્ર 15 વર્ષની હતી. આ ફિલ્મમાં એક્ટર રજનીશ દુગ્ગલ અદા શર્મા સાથે જોવા મળ્યો હતો. આ તેની પણ પહેલી ફિલ્મ હતી.આ ફિલ્મ માટે તેને 'બેસ્ટ ફીમેલ ડેબ્યૂટ એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. ભલે આ ફિલ્મે કંઈ ખાસ કમાલ ન કરી, પણ અદા શર્માની એક્ટિંગના ખૂબ વખાણ થયા હતા.હોરર ફિલ્મ કર્યા પછી, તે રોમેન્ટિક-કોમેડી ફિલ્મ 'હમ હૈ રાહી કાર કે'માં જોવા મળી. આ ફિલ્મ ખરાબ રીતે નિષ્ફળ ગઈ. ત્યારબાદ તે ફિલ્મ 'હંસી તો ફંસી' માં જોવા મળી. આ ફિલ્મમાં તેના સિવાય સિદ્ધાર્થ મલ્હોત્રા અને પરિણીતી ચોપરા જોવા મળ્યા હતા, પરંતુ આ ફિલ્મ પણ કંઈ ખાસ કરી શકી નહીં.જ્યારે તે બોલિવૂડમાં નિષ્ફળ ગઈ, ત્યારે તે સાઉથ ઈન્ડસ્ટ્રી તરફ વળીઅદા શર્માએ 2014 માં તેલુગુ ફિલ્મ 'હાર્ટ એટેક'થી સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. આ પછી, તેણે 'સન ઓફ સત્યમૂર્તિ', 'રાણા વિક્રમ', 'સુબ્રમણ્યમ ફોર સેલ' જેવી ઘણી સાઉથ ફિલ્મોમાં પોતાની એક્ટિંગ સ્કિલ બતાવી. ભલે તેની ફિલ્મોએ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કર્યો, પણ અદા તે ઊંચાઈ સુધી પહોંચી શકી નહીં જેની દરેક એક્ટ્રેસ ઈચ્છા રાખે છે.'ધ કેરળ સ્ટોરી' એ તેમની કારકિર્દીને એક અલગ ઓળખ આપીસાઉથ ઈન્ડસ્ટ્રીમાં કામ કરતી વખતે.

## એક સમયે જાવેદ અખ્તર એકસાથે 18 બિયર પીતા હતા, કહ્યું- હું જીવનમાં ઘણુંબધું કરી શક્યો હોત



સિંગર અને લેખક જાવેદ અખ્તરે તાજેતરમાં તેમના દારૂના વ્યસન અને તેનાથી થતા નુકસાન વિશે ખુલીને વાત કરી હતી. એક ઈન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું હતું કે- અગાઉ તેઓ એકલતાના સમયે ખૂબ દારૂ પીતા હતા. તેમણે સ્વીકાર્યું કે એક સમય હતો જ્યારે તેઓ એક સાથે 18 બોટલ બિયર પી જતા હતા.સિંગર અને લેખક જાવેદ અખ્તરસિંગર અને લેખક જાવેદ અખ્તર'વ્હિસ્કીથી બીયર અને પછી રમ...' જાવેદ અખ્તરે મિડ-ડેને કહ્યું, 'મને વ્હિસ્કીથી એલર્જી હતી, તેથી મેં ફક્ત બિયર પીવાનું નક્કી કર્યું. ત્યારે હું એક સમયે 18 બોટલ બિયર પીતો હતો, પણ પછી મને લાગ્યું કે હું એવું કંઈક કરી રહ્યો છું જેનાથી મારું પેટ ફુલાઈ રહ્યું છે, તેથી મેં બિયર છોડી દીધી અને રમ પીવાનું શરૂ કર્યું.'દારૂ પીવા માટે મારે કોઈની જરૂર ન પડતી' જાવેદ અખ્તરે કહ્યું કે- તેમને દારૂ પીવા માટે કોઈ સાથીની જરૂર નહોતી. આગળ તેમણે કહ્યું કે- જો કોઈ મારી સાથે હોય તો ઠીક છે, નહીંતર હું પણ એકલો પીતો હતો. મને પીવામાં કોઈ સહારાની જરૂર નહોતી.'મને દારૂની ખરાબ લત લાગી ગઈ હતી''મને દારૂની ખરાબ લત લાગી ગઈ હતી'જાવેદ અખ્તરે કહ્યું કે- લોકો ઘણીવાર તેમને દારૂ વિરોધી માનતા હતા, પરંતુ એવું નથી. તેમણે કહ્યું, 'હું દારૂનો વિરોધી નથી. જે લોકો પી શકે છે તેમણે મર્યાદિત માત્રામાં પીવું જોઈએ. તે હૃદય અને મનને શાંત કરે છે, આત્મવિશ્વાસ વધારે છે અને લોકોને જોડે છે.

## પાકિસ્તાની એક્ટ્રેસ માવરાએ ભારતને કાયર કહેતા હર્ષવર્ધન રાણે ભડક્યો, કહ્યું- 'ક્યારેય સાથે કામ નહીં કરૂં'



'સનમ તેરી કસમ' ફેમ એક્ટર હર્ષવર્ધન રાણેએ પાકિસ્તાની એક્ટ્રેસ માવરા હોકન સાથે કામ કરવાની ના પાડી દીધી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ દરમિયાન માવરાએ ભારત વિરોધી ટિપ્પણી કરતા એક્ટરે ફિલ્મ 'સનમ તેરી કસમ-2'માં માવરા સાથે કામ કરવાનો ઈનકાર કરી દીધો છે.હર્ષવર્ધને સોશિયલ મીડિયા પર આ માહિતી આપી છે. માવરા હોકેનની ભારત વિરોધી ટિપ્પણીનો જવાબ આપતાં તેણે લખ્યું, 'આવા અનુભવ માટે હું આભારી છું. હાલની પરિસ્થિતિ અને મારા દેશ વિશે મેં વાંચેલી કમેન્ટ્સને ધ્યાનમાં રાખીને, મેં નક્કી કર્યું છે કે જો મારે ફરીથી પહેલાના કલાકારો સાથે કામ કરવું પડશે, તો હું 'સનમ તેરી કસમ 2'નો ભાગ નહીં રહું. હું ખૂબ જ આદરપૂર્વક ના પાડી દઈશ.'હર્ષવર્ધને સોશિયલ મીડિયામાં સ્ટોરી મૂકી માવરા સાથે કામ કરવાની ના પાડી.હર્ષવર્ધને સોશિયલ મીડિયામાં સ્ટોરી મૂકી માવરા સાથે કામ કરવાની ના પાડી.નોંધનીય છે કે, પાકિસ્તાની એક્ટ્રેસ માવરાએ 'ઓપરેશન સિંદૂર'ની નિંદા કરી હતી અને ભારતને કાયર ગણાવ્યું હતું, ત્યારબાદ હર્ષવર્ધને તેને ઠપકો આપતી પોસ્ટ લખી હતી. માવરાની પોસ્ટ શેર કરતા તેણે લખ્યું, 'હું બધા કલાકારો અને માણસોનો આદર કરું છું. પછી ભલે તે આ દેશનો હોય, કેન્યાનો હોય કે મંગળનો હોય પરંતુ મારા દેશ વિશે આવા.

## બોલિવૂડે પડદા પાછળના જાદુગર ગુમાવ્યા!:નેશનલ એવોર્ડ વિનર મેકઅપ આર્ટિસ્ટ વિક્રમ ગાયકવાડનું નિધન, 'દંગલ' જેવી ઘણી ફિલ્મોમાં પાત્રને જીવંત બનાવ્યાં

આમિર ખાનની 'દંગલ', 'ઓમકારા', '3 ઈડિયટ્સ' જેવી ડઝનબંધ ફિલ્મોના મેકઅપ આર્ટિસ્ટ વિક્રમ ગાયકવાડનું શનિવારે નિધન થયું. 65 વર્ષીય વિક્રમનું બ્લડ પ્રેશર સંબંધિત સમસ્યાઓના કારણે નિધન થયું. તેમને 3 દિવસ પહેલા હીરાનંદાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.તેમના અંતિમ સંસ્કાર દાદરના શિવાજી પાર્ક સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા. આમિર ખાન, રણવીર સિંહ અને મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ પણ વિક્રમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.આમિરે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે- એક દિગ્ગજ મેકઅપ આર્ટિસ્ટ વિક્રમ



ગાયકવાડને વિદાય આપતા ખૂબ જ દુઃખ થાય છે. મને તેમની સાથે 'દંગલ', 'પીકે', 'રંગ દે બસંતી' જેવી ફિલ્મોમાં કામ કરવાનો લહાવો મળ્યો છે. તેઓ પોતાની કલાના માસ્ટર હતા અને તેમના કાર્ય દ્વારા તેમણે ઘણા કલાકારોનું ટ્રાન્સફોર્મેશન કર્યું અને એવા યાદગાર પાત્રો બનાવ્યા જે પડદા પર જીવંત રહેશે.આમિર ખાનની સોશિયલ મીડિયા પોસ્ટઆમિર ખાનની સોશિયલ મીડિયા પોસ્ટઆમિર ખાન આગળ લખે છે, તેમના પરિવાર પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના. અમને તમારી યાદ આવશે દાદા. જ્યારે રણવીર સિંહે વિક્રમ ગાયકવાડની તસવીર શેર કરી અને ભાવુક થઈ ગયા અને લખ્યું, દાદા.રણવીર સિંહની પોસ્ટરણવીર સિંહની પોસ્ટવરુણ ધવનની પોસ્ટવરુણ ધવનની પોસ્ટમહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ પણ વિક્રમ ગાયકવાડ માટે ઈમોશનલ પોસ્ટ શેર કરી છે. તેમણે લખ્યું- રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફેમસ મેકઅપ આર્ટિસ્ટ વિક્રમ ગાયકવાડનું અવસાન થયું છે, જે આપણને શોકમાં મૂકી ગયા છે. તેમના જવાથી આપણે એક જાદુગર ગુમાવ્યો છે જેમણે પોતાના મેક-અપથી પડદા પર ઘણા પાત્રોને જીવંત બનાવ્યા.મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની પોસ્ટમહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની પોસ્ટઆ ફિલ્મોમાં વિક્રમ ગાયકવાડ મેકઅપ આર્ટિસ્ટ હતા વિક્રમ ગાયકવાડે તેમના ફિલ્મી કરિયરમાં 'પાણીપત', 'બેલ બોટમ', 'ઉરી', 'બ્લેકમેલ', 'દંગલ', 'પીકે', 'સુપર 30', 'કેદારનાથ', 'ઠગ્સ ઓફ હિન્દુસ્તાન' અને 'ધ લિજેન્ડ ઓફ ભગત સિંહ' જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે.

## ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ પર સલમાનની ટ્વિટ બાદ હોબાળો, પોસ્ટ ડિલીટ કરવી પડી; એક્ટરના બહિષ્કારની માંગ ઊઠી



ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસથી ચાલી રહેલી લશ્કરી કાર્યવાહી 10 મેની સાંજે બંધ થઈ ગઈ. અમેરિકાની મધ્યસ્થી હેઠળ બંને દેશો યુદ્ધવિરામ માટે સંમત થયા હતા. બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને યુદ્ધવિરામ પર ટ્વિટ કરી હતી. જોકે, તેની ટ્વિટના કારણે સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો હતો. સલમાને X (અગાઉ ટ્વિટર) પર એક ટ્વિટ પોસ્ટ કરી જેમાં તેણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની સ્થિતિથી રાહતનો શ્વાસ લીધો. તેણે ટ્વીટ કરી કે, 'યુદ્ધવિરામ માટે ભગવાનનો આભાર...'. સલમાનનું આ ટ્વિટ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામના નિર્ણય પછી સામે આવ્યું હતું.યુદ્ધવિરામ બાદ સલમાને કરેલી ટ્વીટયુદ્ધવિરામ બાદ સલમાને કરેલી ટ્વીટસલમાને થોડી વાર પછી ટ્વીટ ડિલીટ કરી દીધી સલમાનનું આ ટ્વીટ ઘણા લોકોને બિલકુલ ગમ્યું નહીં. ઘણા યુઝર્સે તેની ખૂબ જ ટીકા કરી. ઘણા યુઝર્સ એટલા ગુસ્સે થયા કે તેણે સલમાન ખાનનો બોયકોટ કરવાની માંગ કરી. આ ટ્વીટ વાઈરલ થતાં જ ભાઈજાને ડિલીટ કરી દીધું હતું. જેના સંદર્ભમાં, યુઝર્સે સલમાનને પૂછ્યું કે તેણે ટ્વીટ કેમ ડિલીટ કર્યું? જોકે, તેણે અત્યાર સુધી આ અંગે કોઈ સ્પષ્ટતા કે નિવેદન આપ્યું નથી. એક યુઝરે લખ્યું, 'સલમાન ખાને ટ્વીટ ડિલીટ કરી દીધી, પરંતુ પહેલગામ હુમલા પર એક પણ શબ્દ ન બોલ્યો.' શાહરુખ અને આમિર પણ ચૂપ છે.સલમાને થોડી વારમાં ટ્વીટ ડિલીટ કરી દીધી, સોશિયલ મીડિયા પર એક્ટરને બોયકોટ કરવાની માંગસલમાને થોડી વારમાં ટ્વીટ ડિલીટ કરી દીધી, સોશિયલ મીડિયા પર એક્ટરને બોયકોટ કરવાની માંગસલમાન સાથે યુઝરે શાહરુખ અને આમિરને પણ બોયકોટ કરવાની માંગ કરી હતીસલમાન સાથે યુઝરે શાહરુખ અને આમિરને પણ બોયકોટ કરવાની માંગ કરી હતીએક યુઝરે પ્રશ્ન પૂછતાં કહ્યું કે- ટ્વિટ ડિલીટ કેમ કર્યું?એક યુઝરે પ્રશ્ન પૂછતાં કહ્યું કે- ટ્વિટ ડિલીટ કેમ કર્યું?સલમાન ખાન છેલ્લા કેટલાક દિવસોથી X પર બહુ એક્ટિવ નથી.

## સિંગર વિશાલ મિશ્રાએ તુર્કીનો બહિષ્કાર કર્યો; કહ્યું- પાકિસ્તાનના સમર્થક દેશમાં ક્યારેય કોન્સર્ટ નહીં કરું



ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા લશ્કરી કાર્યવાહી વચ્ચે, ગાયક અને સંગીતકાર વિશાલ મિશ્રાએ જાહેરાત કરી છે કે તે ક્યારેય તુર્કી કે અઝરબૈજાન નહીં જાય. પાકિસ્તાન 8 મેથી સતત ભારત પર ડ્રોન અને મિસાઈલોથી હુમલો કરી રહ્યું છે, જેનો ભારતીય સેના યોગ્ય જવાબ આપી રહી છે. તુર્કી ભારત પર હુમલો કરવા માટે પાકિસ્તાનને ટેકો આપી રહ્યું છે.આ કારણોસર, વિશાલે આ નિર્ણય લીધો અને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખીને તેની જાહેરાત કરી સિંગરે તેના એક્સ એકાઉન્ટ પર લખ્યું છે - 'હું ક્યારેય તુર્કી અને અઝરબૈજાન નહીં જાઉં.' ન તો કોઈ કોન્સર્ટ માટે કે .ન તો કોઈ રજા માટે. મેં શું કહ્યું તે યાદ રાખો.હું ક્યારેય નહીં જાઉં આ પોસ્ટ પર ચાહકો વિશાલને ટેકો આપી રહ્યા છે. કેટલાક લોકો તેના નિર્ણય માટે તેને પોતાનો હીરો કહી રહ્યા છે જ્યારે કેટલાક લોકો કહી રહ્યા છે કે તેમને સિંગર પર ગર્વ છે. દક્ષય દેસાઈ નામના યુઝરે લખ્યું - 'બોલિવૂડમાં આવા લોકો બહુ ઓછા છે.' બધા ટોચના સ્ટાર્સ મૌન છે. નીરવ મહેતા નામના યુઝરે લખ્યું - 'ભાઈ, તમે અમને ગર્વની લાગણી કરાવી.' શિવાંગ કૌશિક લખે છે- 'વિશાલ ભાઈ, આ ખૂબ જ સારો નિર્ણય છે. અન્ય સેલેબ્સ પણ આવું જ કરે તેવી અપેક્ષા.

## સેનાની બહાદુરીને બિરદાવી, પાકિસ્તાન પર શાબ્દિક પ્રહાર કર્યા




પંજાબી એક્ટર-સિંગર દિલજીત દોસાંઝે તાજેતરમાં ન્યૂયોર્કમાં યોજાયેલા 'મેટ ગાલા 2025'માં પોતાનું ડેબ્યૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં દિલજીતે પોતાના મહારાજા લૂકથી ઘણી હેડલાઈન્સ બનાવી હતી. હવે પ્રખ્યાત ફેશન મેગેઝિન વોગ માટે હાથ ધરાયેલા એક મતદાનમાં દિલજીત બેસ્ટ ડ્રેસ્ડ સેલેબ બન્યો છે. 'વોગ' પોલમાં દિલજીતે શાહરુખ ખાન, પ્રિયંકા ચોપરા અને રીહાના જેવા સુપરસ્ટાર્સને હરાવી દીધા છે.વોગ અનુસાર, દિલજીત દોસાંઝે 306 સેલિબ્રિટીઓને હરાવીને નંબર વનનું સ્થાન મેળવ્યું છે. વોગે તેના વાચકોને બેસ્ટ ડ્રેસ લિસ્ટ માટે તેમનો ફેવરિટ લૂક પસંદ કરવા કહ્યું. વાચકોએ 307 વિવિધ આઉટફિટમાંથી દિલજીતના ડ્રેસને પ્રથમ ક્રમે પસંદ કર્યો છે.દિલજીતે 'મેટગાલા'માં પંજાબના મહારાજાથી પ્રેરિત પોશાક પહેર્યો હતોદિલજીતે 'મેટગાલા'માં પંજાબના મહારાજાથી પ્રેરિત પોશાક પહેર્યો હતોદિલજીત પછી, આ યાદીમાં ડ્યુન એક્ટ્રેસ ઝેન્ડાયા, એસ કૂપ્સ, ટ્રેયાના ટેલર, રિહાન્ના, નિકી મિનાજ, શકીરા, લુઈસ હેમિલ્ટન જેવા કલાકારોનો સમાવેશ થાય છે. દિલજીત ઉપરાંત, એક્ટ્રેસ કિયારા અડવાણી અને શાહરુખ ખાને પણ આ વર્ષે ભારતથી ડેબ્યૂ કર્યું હતું. જોકે, તે બંને આ યાદીમાં પોતાનું સ્થાન બનાવી શક્યા નથી.દિલજીત પંજાબી વારસાનું પ્રતિનિધિત્વ કરે છેદિલજીતે પંજાબના મહારાજાથી પ્રેરિત સંપૂર્ણપણે સફેદ રંગનો પોશાક પહેર્યો હતો. આ ઉપરાંત, તેણે જે કેપ પહેરી હતી તેના પર ગુરુમુખી ભાષાના અક્ષરો લખેલા હતા. દિલજીતનો આ લૂક નેપાળી-અમેરિકન ફેશન ડિઝાઈનર પ્રબલ ગુરુંગે ડિઝાઈન કર્યો હતો. દિલજીત ઉપરાંત, પ્રબલે મેટ ગાલા માટે આલિયા ભટ્ટ.

## કર્નલ સોફિયા 'ઓપરેશન સિંદૂર'ની સિંહણ, તો જુડવા બહેન રૂપ રૂપનો અંબાર; મિસ યુનાઇટેડ નેશન્સ સહિત અનેક ખિતાબો જીત્યા

ગુજરાતના વડોદરામાં જન્મેલ કર્નલ સોફિયા કુરેશી 'ઓપરેશન સિંદૂર'ને કારણે દરેક જગ્યાએ ચર્ચામાં છે. ભારતીય સેનાના 'કોર્પ્સ ઓફ સિગ્નલ્સ' સાથે સંકળાયેલી સોફિયા, એ બે મહિલા અધિકારીઓમાંની એક હતી જેમણે 7 મે (બુધવાર) ના રોજ ભારતની સફળ લશ્કરી કાર્યવાહી વિશે વિશ્વને માહિતી આપી હતી. હવે કર્નલ સોફિયાની ટ્વિન્સ બહેન ડૉ. શાયના સુનસારાની પણ ચર્ચા થઈ રહી છે. શાયના સોશિયલ મીડિયા ખૂબ જ ફેમસ છે. ઓપરેશન સિંદૂર દરમિયાન સોફિયાએ દેશને ગૌરવ અપાવ્યું હતું, જ્યારે શાયનાએ પણ પોતાની મહેનત અને જુસ્સાથી ઘણું બધું હાંસલ કર્યું છે.કર્નલ સોફિયા કુરેશીકર્નલ સોફિયા કુરેશીશાયના અને સોફિયા બંનેનો જન્મ વડોદરાના એક આર્મી પરિવારમાં થયો હતો. તેમના પિતાએ 1971ના બાંગ્લાદેશ યુદ્ધમાં ભાગ લીધો હતો અને તેમના દાદા અને પરદાદા પણ લશ્કરમાં હતા. તેમના કાકા બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) માં ફરજ બજાવી ચૂક્યા હતા અને તેમની દાદી ઘણીવાર તેમને તેમના પૂર્વજો વિશે કહેતા હતા જેમણે ઝાંસીની રાણી સાથે 1857ની ક્રાંતિમાં ભાગ લીધો હતો. આવી સ્થિતિમાં, સોફિયાએ ભારતીય સેનામાં પોતાનું સ્થાન બનાવ્યું અને કર્નલના પદ સુધી પહોંચી, જ્યારે શાયનાનો રસ્તો કંઈક અલગ હતો.શાયનાએ ઘણા ક્ષેત્રોમાં પોતાની ઓળખ બનાવી



છે સોફિયાની જુડવા બહેન શાયનાએ ઘણા જુદા-જુદા ક્ષેત્રોમાં પોતાની ઓળખ બનાવી છે. તે એક અર્થશાસ્ત્રી, પર્યાવરણવાદી, ફેશન ડિઝાઈનર, પૂર્વ આર્મી કેડેટ અને ગોલ્ડ મેડલ વિનર રાઈફલ શૂટિંગ ખેલાડી છે. તેમને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, શાયનાએ ઘણી બ્યૂટી સ્પર્ધાઓમાં પણ ભાગ લીધો છે અને મિસ ગુજરાત, મિસ ઈન્ડિયા અર્થ 2017 અને મિસ યુનાઈટેડ નેશન્સ 2018 જેવા ખિતાબ જીત્યા છે. તે ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખૂબ જ એક્ટિવ છે. ઈન્સ્ટાગ્રામ પર તેના 28 હજારથી વધુ ફોલોઅર્સ છે.સોફિયાની જુડવા બહેન શાયનાસોફિયાની જુડવા બહેન શાયનાતેમણે ગુજરાતમાં 100,000 વૃક્ષો વાવવાની યોજના પણ શરૂ કરી, જેની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા થઈ. આ ઉપરાંત, શાયનાને 2018માં દાદાસાહેબ ફાળકે એવોર્ડ પણ મળ્યો હતો.

શાયનાએ ભલે સેનામાં સેવા આપી ન હતી, પરંતુ તેના જીવનનો હેતુ દેશની સેવા કરવાનો રહ્યો છે.શાયના સુનસારા એક મોડેલ છેશાયના સુનસારા એક મોડેલ છેશાયનાને બાળપણથી જ ફેશન ડિઝાઈનિંગનો શોખ હતો રેડિયો સિટી સાથેના તાજેતરના ઈન્ટરવ્યૂમાં, શાયનાએ તેના બાળપણના સપનાઓ વિશે વાત કરી. શાયનાને બાળપણથી જ ફેશન ડિઝાઈનિંગનો ખૂબ શોખ હતો. સ્કૂલ ટાઈમમાં, શાયનાએ એકવાર તેની માતાની સાડી કાપી ડ્રેસ ડિઝાઈન કર્યો હતો.

# ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ- એર સ્ટ્રાઈકના પગલે શેરબજારમાં વોલેટિલિટી વધી:નિફ્ટી ફ્યુચર 24008 પોઈન્ટ અતિ મહત્વની સપાટી




ભારત-પાકિસ્તાન વચ્ચે વધી રહેલી યુદ્ધની ભીતિ વચ્ચે ભારતીય શેરબજાર આજે સપ્તાહના ચોથા કારોબારી દિવસે ઘટાડા સાથે બંધ રહ્યું હતું. ભારતીય ઈન્ડેક્સ સેન્સેક્સ આજે 411 પોઈન્ટના ઘટાડે 80334 પર બંધ રહ્યો હતો જયારે નિફ્ટી ફ્યુચર પણ 189 પોઈન્ટના ઘટાડા સાથે 24271 પર બંધ રહ્યો. ભારતીય સેનાની ત્રણેય પાંખોએ પાકિસ્તાનના નવ આતંકી ઠેકાણાં પર એરસ્ટ્રાઈક કરી, જેના પગલે શેરબજારમાં વોલેટિલિટી વધી હતી.જિઓ પોલિટિકલ ક્રાઈસિસમાં વધારો, ફેડ રિઝર્વની જાહેરાત પૂર્વે સાવચેતીનું વલણ, ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની ભીતિ સહિતના પરિબળો શેરબજાર પર અસર કરી રહ્યા છે. વિદેશી રોકાણકારો ફેડ ચેરમેનની ફુગાવો તેમજ ટેરિફ મુદ્દે સ્પીચ પર નજર રાખી રહ્યા છે. જો કે, છેલ્લા 14 ટ્રેડિંગ સેશનમાં વિદેશી રોકાણકારોએ અંદાજીત રૂ.45,000 કરોડનું રોકાણ નોંધાવ્યું છે. જેનો શેરબજારને ટેકો મળ્યો છે. વિદેશી રોકાણકારો નબળા ડોલર, 2025માં યુએસ અને ચીનમાં ધીમી વૃદ્ધિ અને વૃદ્ધિમાં ભારતના સંભવિત આઉટ પર્ફોર્મન્સ જેવા વૈશ્વિક મેક્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ 1.90% અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.05% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર ફોકસ્ડ આઈટી અને આઈટી શેરોમાં લેવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા.બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી 4032 સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા 2548 અને વધનારની સંખ્યા 1349 રહી હતી, 135 શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે 6 શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે 5 શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં એચસીએલ ટેક. 1.05%, કોટક બેન્ક 0.81%, એક્સીસ બેન્ક 0.80%, ટાઈટન લિ. 0.69%, ટાટા મોટર્સ 0.21%, ઈન્ફોસીસ લિ. 0.18% અને ટીસીએસ લિ. 0.07% વધ્યા હતા, જયારે ઝોમાટો લિ. 3.14%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા 2.85%, મારુતિ સુઝુકી 2.04%, બજાજ ફાઈનાન્સ 1.86%, ટાટા સ્ટીલ 1.81%, એશિયન પે[illegible] 1.29% અને ભારતી [illegible] 1.23% ઘટ્યા હતા.નિફ્ટી ફ્યુચર ટેકનિકલ લેવલ• નિફ્ટી ફ્યુચર બંધ :- ( 24271 ) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર 24404 પોઈન્ટના પ્રથમ અને 24606 પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે 24088 પોઈન્ટ થી 24008 પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં 24008 પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.બેન્ક નિફ્ટી ફ્યુચર ટેકનિકલ લેવલ • બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ :- ( 54288 ) :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર 54474 પોઈન્ટ પ્રથમ અને 54606 પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે 54008 પોઈન્ટ થી 53880 પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. બેન્ક નિફ્ટી ફ્યુચરમાં 54606 પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!! • ફ્યુચર સ્ટોક સંદર્ભે સ્પેસિફિક ટેકનિકલ લેવલ • એચસીએલ ટેક્નોલોજી ( 1581 ) :- એચસીએલ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.1560 આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.1544 ના સ્ટોપલોસથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.1597 થી રૂ.1606 નો આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.1616 ઉપર તેજી તરફી ધ્યાન...!! • ટાટા કોમ્યુનિકેશન્સ ( 1504 ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.1480 આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.1464 ના સપોર્ટથી આ સ્ટોક રૂ.1547 થી રૂ.1560 આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!! • હેવેલ્સ ઈન્ડિયા ( 1525 ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.1547 આસપાસ વેચવાલી થકી રૂ.1503 થી રૂ.1490 ના નીચા મથાળે ભાવ સપાટીની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.1560 નો સ્ટોપલોસ ખાસ ધ્યાને લેવો..!! • ટેક મહિન્દ્ર ( 1499 ) :- રૂ.1534 આસપાસ ટેકનિકલ ગ્રાફ મુજબ ઓવરબોટ પોઝિશનની શક્યતાએ આ સ્ટોક રૂ.1540 ના સ્ટોપલોસે તબક્કાવાર રૂ.1480 થી રૂ.1464 નો ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.1546 ઉપર તેજી તરફી ધ્યાને લેશો.બજારની ભાવિ દિશા... મિત્રો, ભારતે 'ઓપરેશન સિંદૂર' શરૂ કરતાં શેરબજારમાં ચિંતાનો માહોલ છે પરંતુ નિષ્ણાંતોના અનુસાર ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ બજારના સેન્ટિમેન્ટ પર અસર કરી શકે છે, પરંતુ ભારતના બદલો લેવાના પ્રયાસથી બજાર પ્રભાવિત થવાની શક્યતા ઓછી છે. ઓપરેશન સિંદૂરનો હેતુ ફક્ત આતંકવાદી છાવણીઓ પર ત્રાટકવાનો હતો, આમ તે સ્પષ્ટ જણાઈ છે કે ભારત તણાવ વધારવાનો પ્રયાસ કરતું નથી.

જો ભૂરાજકીય જોખમ ઊંચું રહેશે તો ભારતીય બજારમાં વધુ વેચવાલી જોવા મળવાની શક્યતા છે. ટુંકમાં, જો ઓપરેશન સિંદૂર ટૂંક સમયમાં સમાપ્ત થાય, તો બજારમાં સ્માર્ટ રિકવરી જોવા મળશે અને જો તે વિસ્તૃત થશે, તો બજારમાં ભારે વેચવાલી જોવા મળવાની શક્યતા છે. ઓપરેશન સિંદૂર ઉપરાંત, બજાર માટે અન્ય મુખ્ય સંકેતોમાં આગામી વેપાર વાટાઘાટોનો સમાવેશ થાય છે. વાટાઘાટોના ઘણા રાઉન્ડ પછી ભારતે યુનાઈટેડ કિંગ્ડમ (યુકે) સાથે ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ભારત તથા યુકે વચ્ચે થયેલા દ્વીપક્ષી વેપાર કરારને કારણે ભારતના ઉદ્યોગોને તેમજ સેવા ક્ષેત્રમાં શિક્ષણ, આઈટી અને ફાઈનાન્સને લાભ થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# IPL પર આગામી 48 કલાકમાં નિર્ણય:બાકીની 16 મેચ ત્રણ શહેરોમાં યોજાઈ શકે છે, લીગ મે મહિનામાં જ સમાપ્ત થશે



પાકિસ્તાન સાથેના તણાવને કારણે 9 મેના રોજ IPL 2025 સ્થગિત કરવી પડી હતી. ત્યારે BCCIએ કહ્યું હતું કે દેશ હાલમાં યુદ્ધની સ્થિતિમાં છે અને આવી સ્થિતિમાં ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવું યોગ્ય નથી. હવે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ કરાર થયો છે. આવી સ્થિતિમાં, BCCI લીગની બાકીની મેચ યોજવા અંગે વિચારણા કરી રહ્યું છે. આ માટે સરકાર પાસેથી સૂચનો લેવામાં આવી રહ્યા છે અને આગામી 48 કલાકમાં આ અંગે નિર્ણય લેવામાં આવી શકે છે.ચાલો આ 6 સવાલોથી IPLને લગતી દરેક મહત્વપૂર્ણ બાબતો સમજીએ...1. કેટલી મેચ બાકી છે, મેચ ક્યારે થઈ શકે છે? IPL 2025 હેઠળ 74 મેચ રમવાની હતી. 8 મે સુધીમાં 58 મેચ રમાઈ ચૂકી હતી. એટલે કે હવે 16 મેચ બાકી છે. આમાંથી 12 મેચ લીગ સ્ટેજની છે અને 4 મેચ પ્લેઑફ સ્ટેજની છે. BCCI મે મહિનામાં જ લીગ પૂરી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અગાઉના કાર્યક્રમ મુજબ, ફાઈનલ 25 મેના રોજ યોજાવાની હતી. ડબલ હેડર મેચ 11 અને 18 મેના રોજ યોજાવાની હતી. એટલે કે એક દિવસમાં બે મેચ. હવે મે મહિનામાં લીગ પૂર્ણ કરવા માટે, બોર્ડને ડબલ હેડરની સંખ્યા વધારવી પડી શકે છે.2. કઈ ટીમની મેચ બાકી છે? મુંબઈ, કોલકાતા, રાજસ્થાન અને ચેન્નઈમાં બે-બે લીગ મેચ બાકી છે. બાકીની ટીમે હજુ ત્રણ-ત્રણ લીગ મેચ રમવાની બાકી છે. નીચે આપેલા પોઈન્ટ્સ ટેબલ પરથી ટીમની સ્થિતિ સમજી શકાય છે. એક ટીમે 14 લીગ મેચ રમવાની હોય છે.3. પ્લેઓફની રેસમાં હજુ કેટલી ટીમ છે? IPLની 10 માંથી ત્રણ ટીમ પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. આ ત્રણ ટીમ હૈદરાબાદ, રાજસ્થાન અને ચેન્નઈ છે. બાકીની ટીમ હજુ પણ પ્લેઑફની રેસમાં છે.4. બાકીની મેચ કયા શહેરોમાં યોજાઈ શકે છે? બાકીની 16 મેચો અગાઉના શેડ્યૂલ મુજબ 9 અલગ અલગ શહેરોમાં યોજાવાની હતી. આમાં લખનઉ, હૈદરાબાદ, અમદાવાદ, દિલ્હી, ચેન્નઈ, બેંગલુરુ, મુંબઈ, જયપુર અને કોલકાતાનો સમાવેશ થાય છે. આ મેચ આ બધા શહેરોમાં યોજાશે કે તેમાં ઘટાડો થશે તે હજુ નક્કી નથી. શનિવારે ESPNના એક અહેવાલ મુજબ, બાકીની મેચ દક્ષિણ ભારતના ત્રણ શહેરો- ચેન્નઈ, બેંગલુરુ અને હૈદરાબાદમાં યોજાઈ શકે છે. આ પાછળનો તર્ક એ છે કે આ શહેરો પાકિસ્તાન સરહદથી ઘણા દૂર છે. જો તણાવ ફરી વધે તો પણ લીગ પર તેની અસર ન થવી જોઈએ.5. શું બધા વિદેશી ખેલાડીઓ હજુ પણ ભારતમાં હાજર છે? ના. જ્યારે B C C I એ લીગને સ્થગિત કરવાનો નિર્ણય લીધો, ત્યારે વિદેશી ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને તેમના દેશમાં પાછા ફરવાનું કહેવામાં આવ્યું. આમાંના ઘણા ખેલાડીઓ પોતાના ઘરે પાછા ફર્યા છે. તેને ફરીથી બોલાવવામાં આવશે. અત્યારે દુનિયામાં ક્યાંય બીજી કોઈ મોટી સિરીઝ ચાલી રહી નથી, તેથી આમાં બહુ સમસ્યા ન હોવી જોઈએ.6. BCCI બાકીની મેચ મે મહિનામાં જ કેમ આયોજિત કરવા માગે છે? દર વર્ષે IPL માટે એપ્રિલ-મે વિન્ડો ઉપલબ્ધ હોય છે. એનો અર્થ એ કે આ સમયગાળા દરમિયાન વિશ્વમાં બીજે ક્યાંય કોઈ મોટી સિરીઝ યોજાઈ રહી નથી. જો IPLની બાકીની મેચ મે મહિનામાં નહીં યોજાય તો બોર્ડને સપ્ટેમ્બર સુધી રાહ જોવી પડી શકે છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ જૂનમાં ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. આ પછી, ભારતીય ટીમે ઈંગ્લેન્ડનો પ્રવાસ કરવાનો છે, જ્યાં પાંચ ટેસ્ટ મેચની સિરીઝ યોજાવાની છે.

# કહ્યું- પહેલગામની આડમાં પાકિસ્તાન પર હુમલો પાયાવિહોણો; અમે લોહીના છેલ્લા ટીપા સુધી લડવા તૈયાર



પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ભારતીય સમય મુજબ શનિવારે રાત્રે 11:30 વાગ્યે ફરી એક ખોટો દાવો કર્યો. શાહબાઝે કહ્યું કે ભારતે પહેલા પાકિસ્તાન પર હુમલો કર્યો.શાહબાઝે કહ્યું કે ભારતે હુમલો કરીને જે ભૂલ કરી છે તેનું પરિણામ ચોક્કસપણે ભોગવવું પડશે. ગઈ રાત્રે આખી દુનિયાએ જોયું કે આપણી સેનાએ આપણા કરતા અનેક ગણા શક્તિશાળી દુશ્મનને શરણાગતિ સ્વીકારવા મજબૂર કર્યો.શરીફે તેમના કુલ 30 મિનિટના ભાષણમાં એક પણ વાર યુદ્ધવિરામનો ઉલ્લેખ કર્યો ન હતો. જોકે, તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષને રોકવા બદલ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનો ચોક્કસ આભાર માન્યો.પાકિસ્તાની પીએમએ ભારત વિરુદ્ધ સમર્થન આપવા બદલ સાઉદી અરેબિયા, તુર્કી અને ચીનનો પણ આભાર માન્યો.ભારત અને પાકિસ્તાન વચ્ચે સાંજે 5 વાગ્યે યુદ્ધવિરામની ઘોષણા કરવામાં આવી ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસ સુધી ચાલેલા યુદ્ધ બાદ શનિવારે સાંજે 5.30 વાગ્યે યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકાએ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ માટે મધ્યસ્થી કરી હતી. તેમણે લખ્યું, 'અમેરિકાના મધ્યસ્થી હેઠળ રાતભર લાંબી ચર્ચા પછી, મને જણાવતા આનંદ થાય છે કે ભારત અને પાકિસ્તાન તાત્કાલિક અને સંપૂર્ણપણે હુમલાઓ બંધ કરવા સંમત થયા છે.' હું બંને દેશોને એક સામાન્ય સમજદારીભર્યો નિર્ણય લેવા બદલ અભિનંદન આપું છું.શાહબાઝે કહ્યું- અમે યુદ્ધને તેના અંત સુધી લઈ જઈશું, 6 મોટી વાતોઆપણે ફરી એકવાર દુશ્મન પર કાબુ મેળવ્યો છે. હું અસીમ મુનીર (પાકિસ્તાન આર્મી ચીફ) સહિત તમામ અધિકારીઓને સલામ કરું છું. અમને તમારા પર ગર્વ છે. જ્યાં સુધી આપણે આ યુદ્ધને તેના અંત સુધી નહીં લઈ જઈએ ત્યાં સુધી આપણે આરામ કરીશું નહીં. સેના અને જનતા બંને પાકિસ્તાનનું સન્માન કરવા યોગ્ય છે.આપણે એક દળ બનાવીશું અને દુશ્મન સામે લડીશું અને તેને હરાવીશું. અમે તમારા જુસ્સાને સલામ કરીએ છીએ કારણ કે તમે (સેના) સત્ય માટે લડી રહ્યા છો.'ભારત 100% એકપક્ષીય નિર્ણયો લઈ શકે છે પરંતુ તેનાથી વાસ્તવિકતા બદલાશે નહીં.' આતંકવાદથી સૌથી વધુ પરેશાન દેશ પાકિસ્તાન છે. આતંકવાદ સામેના યુદ્ધમાં આપણે 90 હજાર લોકો ગુમાવ્યા. 152 અબજ ડોલરનું નુકસાન થયું છે.પહેલગામ હુમલાના બહાને પાકિસ્તાન પર હુમલો કરવો એ પાયાવિહોણું છે. શાંતિપ્રિય દેશ તરીકે, પાકિસ્તાને પહેલગામ ઘટનાની તપાસ કરવાની ઓફર કરી હતી. પરંતુ ભારતે કાયદાનું પાલન ન કર્યું અને ખોટો રસ્તો અપનાવ્યો. જમ્મુ અને કાશ્મીર મુસ્લિમ સંઘર્ષ હતો અને છે અને જ્યાં સુધી આપણા કાશ્મીરી ભાઈઓને તેમના અધિકારો નહીં મળે ત્યાં સુધી રહેશે.'શસ્ત્રહીન લોકો પર હુમલો કરીને દુશ્મનો પોતાને શક્તિશાળી માનતા હતા.' પરંતુ પાકિસ્તાન જાણે છે કે યોગ્ય જવાબ કેવી રીતે આપવો. ભારતને જવાબ આપનારી આપણી સેનાની બહાદુરીને અમે સલામ કરીએ છીએ. પાકિસ્તાની વાયુસેનાએ તેની સરહદોમાં રહીને દુશ્મનના વિમાનોનો નાશ કર્યો.પાકિસ્તાનના પીએમ શરીફે ફરી જૂઠું બોલ્યું, 'આપણી સેનાએ દુશ્મન પર એવો ઘા કર્યો છે કે તે ક્યારેય રૂઝાશે નહીં.' ભારતના કાયરતાપૂર્ણ હુમલામાં 26 નિર્દોષ પાકિસ્તાની લોકો શહીદ થયા છે. આમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે.યુદ્ધવિરામની જાહેરાત પછી માત્ર 3 કલાકમાં ભારતમાં ફાયરિંગ અને ડ્રોન હુમલા ભારતમાં, વિદેશ મંત્રાલયે સાંજે 6 વાગ્યે યુદ્ધવિરામની માહિતી આપી હતી. પરંતુ 3 કલાકથી ઓછા સમયમાં, પાકિસ્તાને ભારતના ઘણા શહેરોમાં ગોળીબાર અને ડ્રોન હુમલા શરૂ કરી દીધા. આ કારણે ઘણા શહેરોમાં બ્લેકઆઉટ લાદવો પડ્યો.બીજી તરફ, પાકિસ્તાને દાવો કર્યો હતો કે પેશાવરમાં એક ભારતીય ડ્રોન જોવા મળ્યું હતું. આ પછી પાકિસ્તાની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય થઈ ગઈ.

## દેશ - વિદેશ

# વાયુસેનાએ કહ્યું- ઓપરેશન સિંદૂર હજુ પણ યથાવત, શહીદોના મૃતદેહ તેમના વતન પહોંચ્યા

રવિવારે સવારે સરહદે આવેલા રાજસ્થાન, પંજાબ, જમ્મુ અને કાશ્મીરમાં પરિસ્થિતિ સામાન્ય દેખાઈ. બજારો ખુલી રહ્યા છે, પ્રવૃત્તિઓ સામાન્ય થઈ રહી છે.આ દરમિયાન, ભારતીય વાયુસેનાએ કહ્યું કે અમે ઓપરેશન સિંદૂરના લક્ષ્ય પ્રાપ્ત કર્યા છે. આ કામગીરી હજુ પણ ચાલુ છે. સમય આવશે ત્યારે અમે તમને માહિતી આપીશું. વાયુસેનાએ અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને બીજી ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ. તેમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, સીડીએસ અનિલ ચૌહાણ, ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ, એનએસએ અજિત ડોભાલ તેમજ આઈબી અને આરએડબલ્યુના વડાઓ હાજર રહ્યા હતા.બીજી તરફ, ભારતીય વાયુસેના (IAF) એ X પર લખ્યું - ઓપરેશન સિંદૂર સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું. આ કામગીરી રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને વિચારપૂર્વક હાથ ધરવામાં આવી હતી. ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ અંગે વિગતવાર માહિતી આગળ આપવામાં આવશે. IAF એ અટકળો અને અપ્રમાણિત માહિતી શેર કરવાનું ટાળવાની અપીલ કરી છે.પાકિસ્તાને શનિવારે સાંજે 5 વાગ્યે યુદ્ધવિરામ લાગુ થયાના 3 કલાકમાં જ પાકિસ્તાને તેનું ઉલ્લંઘન કર્યું હતું. જમ્મુ અને કાશ્મીર, ગુજરાત, રાજસ્થાન અને પંજાબમાં ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા, જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યા હતા. ભારતીય સેનાને આ અંગે કડક અને નક્કર કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. થોડા સમય પછી, પાકિસ્તાન તરફથી ગોળીબાર અને ડ્રોન હુમલા બંધ થઈ ગયા.22 એપ્રિલ, પહેલગામ હુમલાના દિવસથી 10 મે સુધી, પાકિસ્તાની ગોળીબારમાં 5 સૈનિકો શહીદ થયા છે, જ્યારે 60 જવાનો ઘાયલ થયા છે. આ ઉપરાંત 25 લોકોનાં મોત થયા છે અને 50 થી વધુ લોકો ઘાયલ થયા છે.ભારત-પાકિસ્તાન યુદ્ધ સંબંધિત વધુ અપડેટ્સ માટે નીચે બ્લોગ વાંચો...લાઈવ અપડેટ્સઅત્યારેનેપાળમાં ભારતીય રાજદૂતે પહેલગામ હુમલામાં માર્યા ગયેલા નાગરિકના ઘરે મુલાકાત લીધીનેપાળમાં ભારતીય રાજદૂત નવીન શ્રીવાસ્તવે પહેલગામ હુમલામાં માર્યા ગયેલા સુદીપ ન્યુપાનેના પરિવારને મળ્યા અને સંવેદના વ્યક્ત કરી. સુદીપ નેપાળી નાગરિક હતો.30 મિનિટ પેહલાશ્રીનગરમાં સ્થિતિ સામાન્ય, બજારો ખુલી, લોકો રસ્તાઓ પર ફરતા જોવા મળ્યા36 મિનિટ પેહલાજેસલમેરમાં 12 શંકાસ્પદોની ધરપકડ, ઘણી જગ્યાએથી દારૂગોળો જપ્ત44 મિનિટ પેહલાશ્રીનગરના બજારોમાં ભીડ, સિક્યુરિટીની કડક દેખરેખજમ્મુ અને કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં આજે પરિસ્થિતિ સામાન્ય છે. એક સાપ્તાહિક બજારમાં લોકોની ભીડ જોવા મળી. જોકે, હાલની પરિસ્થિતિને કારણે, શ્રીનગર સહિત સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં કડક સુરક્ષા વ્યવસ્થા છે. અર્ધલશ્કરી દળો શેરીઓમાં પેટ્રોલિંગ કરી રહ્યા છે. પાકિસ્તાને 10 મેના રોજ યુદ્ધવિરામની જાહેરાત થયાના માત્ર 3 કલાક પછી જ તેનો ભંગ કર્યો.02:14 PM11 મે 2025ગોળીબારમાં માર્યા ગયેલા અધિકારીના આજે




અંતિમ સંસ્કારજમ્મુ અને કાશ્મીર એડમિનિસ્ટ્રેશન સર્વિસ (JKAS) ના અધિકારી રાજ કુમાર થાપાના અંતિમ સંસ્કાર આજે જમ્મુમાં કરવામાં આવી રહ્યા છે. 10 મેના રોજ પાકિસ્તાની ગોળીબારમાં તેમનું મોત થયું હતું.02:11 PM11 મે 2025જમ્મુની પરિસ્થિતિ અંગે જાણકારી આપતા રિપોર્ટર વૈભવ પલનીટકર02:07 PM11 મે 2025J | K પોલીસે કહ્યું- ગામલોકોએ સરહદી ગામોમાં પાછા ન ફરવું જોઈએજમ્મુ-કાશ્મીર પોલીસે રવિવારે કહ્યું કે સરહદી ગામડાઓના લોકોએ હજુ સુધી પોતાના ઘરે પાછા ન ફરવું જોઈએ. યુદ્ધવિરામ પછી પણ પાકિસ્તાન તરફથી થઈ રહેલા ગોળીબારને કારણે આ સલાહ જાહેર કરવામાં આવી છે. પોલીસે લોકોને સત્તાવાર મંજૂરીની રાહ જોવા કહ્યું છે.01:51 PM11 મે 2025અમૃતસરમાં સ્થિતિ ફરી સામાન્ય થઈભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત બાદ આજે પરિસ્થિતિ સામાન્ય છે. લોકોએ સામાન્ય પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી દીધી છે. હોટલો અને ઢાબાઓ પર ભીડ જોવા મળી રહી છે. તણાવ પહેલા શહેરની ધમાલ હવે પાછી ફરવા લાગી છે.01:44 PM11 મે 2025રાહુલ-ખડગેનો PMને પત્ર, સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગ01:34 PM11 મે 2025સચિન પાયલટે કહ્યું- ટ્રમ્પે યુદ્ધવિરામની જાહેરાત કરી તે આશ્ચર્યજનક છેકોંગ્રેસના નેતા સચિન પાયલટે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'ભારતીય સશસ્ત્ર દળોએ ફરી એકવાર બતાવ્યું છે કે તેઓ કોઈથી ઓછા નથી. છેલ્લા 24 કલાકમાં ઘટનાઓ ઝડપથી બદલાઈ છે. અમને આશ્ચર્ય થયું કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુદ્ધવિરામની જાહેરાત કરી. આવું પહેલી વાર બન્યું છે. કોંગ્રેસ લાંબા સમયથી સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગ કરી રહી છે. આપણે 1994ના ઠરાવને પુનરાવર્તિત કરવો જોઈએ જ્યારે બધા પક્ષોએ સર્વસંમતિથી ઠરાવ પસાર કર્યો હતો કે પીઓકે ભારતનો અભિન્ન ભાગ છે અને અમે તેને પાછો લઈશું.01:28 PM11 મે 2025રાજનાથે કહ્યું- આજનો દિવસ દેશ માટે ઐતિહાસિક01:22 PM11 મે 2025લખનઉ ડિફેન્સ મેન્યુફેક્ચરિંગનું નવું હબ બનશેરક્ષા મંત્રી રાજનાથ સિંહે ઉત્તર પ્રદેશના લખનઉમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બ્રહ્મોસ એરોસ્પેસ ઈન્ટિગ્રેશન અને ટેસ્ટિંગ ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું.01:07 PM11 મે 2025પીએમ મોદીની NSA અને સેના પ્રમુખો સાથે મિટિંગપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને બીજી ઉચ્ચ સ્તરીય બેઠક ચાલી. તેમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, સીડીએસ અનિલ ચૌહાણ, ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ, એનએસએ અજિત ડોભાલ તેમજ આઈબી અને આરએડબલ્યુના વડાઓ હાજર છે.01:04 PM11 મે 2025ભારતીય વાયુસેનાની અપીલ- અફવાઓ પર ધ્યાન ન આપોભારતીય વાયુસેનાએ રવિવારે X પર પોસ્ટ કરી હતી કે ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે. IAF એ કહ્યું કે અમે આ કામગીરીના લક્ષ્યોને ચોકસાઈથી પ્રાપ્ત કર્યા. અમે વ્યાવસાયિક રીતે કામ કર્યું. આ કામગીરી હજુ પણ ચાલુ છે. અમે આ વિશે વધુ માહિતી આપીશું. લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરવામાં આવે છે.12:43 PM11 મે 2025હાઈ લેવલ મિટિંગમાં ત્રણેય સેનાના વડા સાથે રાજનાથ સિંહ અને ડોભાલ હાજર12:41 PM11 મે 2025આંધ્રપ્રદેશના ડેપ્યુટી CMએ શહીદ અગ્નિવીરને શ્રદ્ધાંજલિ આપીઆંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ એલઓસી પર શહીદ થયેલા અગ્નિવીર સૈનિક મુરલી નાયકને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા. પાકિસ્તાન તરફથી થયેલા ગોળીબારમાં મુરલી શહીદ થયો હતો. તે આંધ્રપ્રદેશના કાલિથંડાનો રહેવાસી હતો.12:22 PM11 મે 2025શહીદની પુત્રીએ કહ્યું - પપ્પાએ દેશ માટે સારું કામ કર્યુંપાકિસ્તાની હુમલામાં શહીદ થયેલા વાયુસેનાના સહાયક મેડિકલ સાર્જન્ટ સુરેન્દ્ર કુમારના અંતિમ સંસ્કાર આજે કરવામાં આવશે. તે રાજસ્થાનના ઝુંઝુનુનો રહેવાસી હતો.

# સુરતના ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં NDPS ના ગુનામાં નાસતા ફરતા આરોપીને સુરત SOG એ ઝડપી પાડ્યો



પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌત દ્વારા ₹No Drugs In Surat City₹ અભિયાન અંતર્ગત નાર્કોટીક્સના ગુનામાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અંગે સુચના આપવામાં આવી હતી સંયુક્ત પોલીસ કમિશ્નર રાઘવેન્દ્ર વત્સ ક્રાઈમ, નાયબ કમિશનર રાજદિપસિંહ નકુમ સાહેબના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર નાર્કોટીક્સના ગુન્હામાં વોન્ટેડ આરોપીનો ડેટા એકત્રીત કરી સુરત શહેરમાં નોંધાયેલ NDPSના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે સુચના આપવામાં આવી હતી એસ.ઓ.જી. ના A S I યુવરાજસિંહ સામંતસિહ અને HC જિતેન્દ્રસિંહ પ્રવિણસિંહ ને મળેલ બાતમીના આધારે શાલીમાર, રેલવે બ્રીજના નીચે જાહેર રોડ ઉપર, ભેસ્તાન, સુરતથી આરોપી ઈમરાન ઉર્ફે મુડી સાહબુદીન ઉસ્માની ને સુરત SOG એ ઝડપી પાડી આરોપીની વધુ પુછપરછ કરતા આરપીએ જણાવ્યું હતું કે તારીખ ૨૮/૦૪/૨૦૨૫ ના રોજ ઉન પાટીયા તિરૂપતિનગર હેલ્લો મોબાઈલ નામની દુકાન પાસે રોડ ઉપર જાહેરમાં આરોપી સોહેલ મોહંમદ શૌકત મન્સુરી એ માદક પદાર્થ ગાંજો વજન ૧૮૬.૭૬૦ ગ્રામ જેની અંદાજીત કિંમત ૧૮૬૭૬૦-તથા મોબાઈલ ફોન નંગ-૧ કિમચ રૂપિયા ૫૦૦૦/- તેમજ રોકડ રકમ ૫૩૦/- મળી કૂલ ૭૩૯૭.૬૦/- ના મુદ્દામાલ સાથે વેચાણ કરતો પકડાઈ ગયો હતો આરોપીએ જણાવેલ કે છેલ્લા બે-ત્રણ મહિનાથી તેનો પોતાની પાસેથી ગાંજાનો જથ્થો ખરીદી કરી લાવે છે અને પોતાને તથા તેના મિત્ર મહેફુઝ કમાલુદ્દીન હાસ્મી ને છુટક વેચાણ કરવા આપતો હતો અને પોતે તેમજ મહેફુઝ બંન્ને જણા ગાંજો વેચનાર જગ્યાએ ચોરી છુપીથી ગાંજાના જથ્થાનુ વેચાણ કરતો હોવાની હકીકત કબુલાત કરી હાલ સુરત શહેર SOG એ આરોપીની ધરપકડ કરી ભેસ્તાન પોલીસને આરોપીનો કબજો સોંપવામાં આવ્યો હાલ ભેસ્તાન પોલીસ દ્વારા આરોપીને કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે સંવાદદાતા વિજય મકવાણા સુરત

# સુરતની આ માતાના ત્રણેય સંતાન છે આર્મીમાં, દીકરી પોતાના બાળકને મૂકીને કરે છે 'ભારત માતા'ની સેવા

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયો છે ત્યારે ભારત માતાના રક્ષા માટે ગયેલા સૈનિકોની માતાની આંખોમાં હર્ષના આંસુ છલકાયા હતા. સુરત એક જ પરિવારની બે દીકરીઓ અને એક દીકરા દેશ સેવા માટે બોર્ડર પર ફરજ બજાવી રહ્યા છે અને આ ત્રણેય સૈનિકોની માતાને આ મધર્સ ડે પર પોતાના બાળકોએ ભારતમાતાની રક્ષા કરી સૌથી મોટું ગિફ્ટ આપ્યું છે.

ત્રણેય બાળકો સરહદ પર કરી રહ્યા છે સેવા

મેનો બીજો રવિવાર મધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજે વાત સુરતની એક એવી માતાની કરવી છે કે જેણે એક પછી એક પોતાના ત્રણ બાળકોને દેશની સેવામાં મોકલી આપ્યા છે અને મહત્ત્વની વાત તો એ છે કે તેમાં બે દીકરીઓનો પણ સમાવેશ થાય છે. સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતા માયાબહેન મંગલેને ત્રણ બાળકો છે જેમાં સૌથી મોટી દીકરી વૈશાલી નડાબેટ બોર્ડર પર, બીજા નંબરનો દીકરો શિવ કુમાર છત્તીસગઢ પાસે નક્સલી વિસ્તારમાં અને ત્રીજા નંબરે શીતલ મંગલે ભારત બાંગ્લાદેશ બોર્ડર પર ફરજ બજાવે છે.



માયાબહેનની સૌથી મોટી પુત્રી વૈશાલી 10 વર્ષ પહેલા BSFમાં જોડાયા હતા અને ત્યારબાદ તેમના જ નકશે કદમ પર તેમનો પુત્ર શિવકુમાર પણ BSFમાં જોડાયા અને ત્યારબાદ તેમની સૌથી નાની દીકરી પણ દેશ સેવા માટે BSFમાં જોડાઈ છે. આ મારૂ ભાગ્ય છે, દરેકને આવી તક નથી મળતી

એક માતા તરીકે પોતાના ત્રણેય બાળકો દેશ સેવા માટે મોકલ્યા એ અંગે વાત કરતા માયાબહેન મંગલે એ કહ્યું કે, દેશની સેવા માટે મેં મારા દીકરા-દીકરી ને મોકલ્યા આ મારું ભાગ્ય કેહવાય, બધાના નસીબમાં આ સેવા કરવાની તક નથી મળતી. રામ જેવા દીકરા થાય તો દેશની સેવા માં જાય. મારો એક પુત્ર હોતે તો પણ હું દેશ સેવામાં મોકલત. મને ખુશી છે કે મારા ત્રણેય બાળકો આજે એક માતાની સેવા કરી અને બીજી સૌથી મોટી માતા ભારત માતાની સેવામાં જોડાયેલા છે.

આઠ વર્ષ બાદ ત્રણેય બાળકો સાથે ઉજવી દિવાળી

આજે (રવિવાર, 11 મે) મધર્સ ડે છે ત્યારે મારી નાની દીકરીનો કોલ આવ્યો એને કહ્યું કે, મમ્મી કાલે મધર્સ ડે છે પણ હું નથી, ત્યારે મેં મારી દીકરીને કહ્યું કે સૌથી પહેલી માતા ધરતી માતા છે, એટલે જ્યારે પણ મારી યાદ આવે ત્યારે ધરતી માતાને પગે લાગી લેવું, કારણ કે હું ખાલી તમને સાચવું છું પરંતુ ધરતી માતા બધા લોકોને સાચવે છે. દેશની સેવામાં જોડાયા બાદ મારા દીકરા-દીકરીઓ ક્યારે પણ એક સાથે મને મળી નથી શક્યા. આ વખતે છેલ્લી દિવાળી એવી હતી કે જ્યારે આઠ વર્ષ બાદ તેમણે મારી સાથે દિવાળી ઉજવી હતી. મારા ત્રણેય બાળકો હાલ રજા પર આવ્યા હતા પરંતુ, જે રીતે પાકિસ્તાનનું યુદ્ધ શરૂ થયું તમની રજા કેન્સલ થઈ અને તાત્કાલિક ફરજ પર હાજર થવા નીકળી ગયા હતા. મને મારા ત્રણેય બાળકો પર ખૂબ જ ગર્વ છે કે તેઓ ભારત માતા માટે સેવા આપી રહ્યા છે.

ભારત-પાક. તણાવના કારણે ફરજ પર પરત ફર્યા

માયાબહેનની સૌથી મોટી દીકરી વૈશાલી જાદવ નડાબેટ ખાતે હાલ ફરજ બજાવી રહ્યા છે. તે દસ વર્ષ પહેલાં BSFમાં જોડાયા હતા અને પણ હાલ રજા પર સુરત આવ્યા હતાં, બે અઠવાડિયાની રજા બાકી હોવા છતાં પણ બે દિવસ પહેલા તેમને તાત્કાલિક ફરજ પર હાજર થવા કહેવામાં આવ્યું હતું. તે પણ એક બાળકની માતા છે અને પોતાનું બાળક અહીં પોતાની માતા પાસે મૂકીને ફરજ પર ગયા છે. વૈશાલી જાદવે કહ્યું કે, એક માતા તરીકે મને ક્યારેક તો અંદરથી દુઃખ થાય છે કે હું મારા દીકરાથી દૂર છું. પરંતુ મારો દીકરો ભલે મારી પાસે ન હોય, પરંતુ મારી માતા તેનું ખૂબ જ સારી રીતે ધ્યાન રાખશે તેનો મને ખ્યાલ છે અને અહીં બોર્ડર પર મારા જેવી ઘણી માતાઓ છે કે જેઓ પોતાના એક વર્ષના, બે વર્ષના કે પાંચ વર્ષના દીકરાને મૂકીને આવી છે. અમારા બધા માટે પહેલા સર્વોપરી ભારત માતા છે.

શિવકુમારે કહ્યું કે, હું આઠ વર્ષ બાદ આ વર્ષે દિવાળી પર ઘરે આવ્યો હતો અને જ્યારે પણ હું આવું છું ત્યારે મારી માતાની આંખોમાં એક અનેરી ચમક હોય છે જ્યારે અમે ડ્યુટી પર જઈએ છીએ ત્યારે મારી માતા અમને હસતા મોઢે વિદાય કરે છે પરંતુ તેની આંખોમાં તેનું દર્દ દેખાઈ આવે છે. રવિવારે મધર્સ ડે છે અને અમે મારી માતા સાથે ઉજવણી કરવા માટે ત્રણેય ભાઈ બહેનો આવ્યા હતા પરંતુ મારે પણ તાત્કાલિક ફરજ પર હાજર થવાનું થયું હોવાથી હું પણ મારી માતા સાથે મધર્સ ડે ઉજવી નહીં શકું ,પરંતુ મારી માતાએ અમને એ રીતે શીખવ્યું છે કે સૌથી પહેલા ભારત માતા છે અને પછી પરિવાર. આ મધર્સ ડે પર અમે ત્રણેય ભાઈ બહેનોએ અમારી માતાને સૌથી મોટી ગિફ્ટ એ આપી છે કે આજે અમે ત્રણેય ભાઈ બહેનોએ બોર્ડર પર દુશ્મનોને હરાવ્યા છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ડો. હેડગેવાર સ્મૃતિ સેવા સમિતિ, સુરત દ્વારા આપાતકાલીનરકતદાન શિબિર યોજાઈ



ભારત-પાકિસ્તાન વચ્ચેની તણાવભરી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સરકારી હોસ્પિટલોની બલ્ડ બેન્કમાં જરૂરીયાત મુજબ રક્ત એકત્ર રહે તે માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ડો. હેડગેવાર સ્મૃતિ સેવા સમિતિ, સુરત દ્વારા સરકારી બ્લડ બેન્કની સૂચના અનુસાર આપાતકાલીન રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના રાંદેર વિસ્તારમાં આંબેડકર ટ્રસ્ટ ખાતે સુરત સિવિલ બ્લડ બેન્કમાં ૧૦૮ યુનિટ અને સ્મીમેર બ્લડ બેંકને ૫૨ યુનિટ રક્ત મળીને કુલ ૧૬૦ યુનિટ રક્ત અર્પણ કરાર્યું હતું. મેડિકલ વિભાગની સૂચના અનુસાર જરૂર પડે તેમ રક્તદાન શિબિરનું આયોજન કરવા ટ્રસ્ટ તત્પર છે.સંવાદદાતા વિજય મકવાણા સુરત

# ગેરકાયદે સ્ટ્રકચરના કારણે ટ્રાફિક સમસ્યા સાથે ગુનાખોરી સાથે લોકોને જીવનું જોખમ

સુરત પાલિકાના કતારગામ ઝોનમાં સંખ્યાબંધ ટેમ્પરરી સ્ટ્રકચર -ડોમ ગેરકાયદે અને રહેણાંક વિસ્તારમાં હોવાની વ્યાપક ફરિયાદ છે. પરંતુ કતારગામ ઝોનના અધિકારીઓને કોઈ ફેર પડતો નથી.

આગ લાગી તેના પંદર દિવસ પહેલાં સ્થાનિક રહીશોએ આ ગોડાઉન- શેડના કારણે રાજકોટ જેવી દુર્ઘટના બને તેવી ફરિયાદ કરી હતી.

આવી ગંભીર ફરિયાદ બાદ પણ કાર્યવાહી ન કરતા શુક્રવારે રાત્રે મોટી આગ લાગી હતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. આ આગના કારણે સ્થાનિકોમાં ભારે આક્રોશ છે લોકો એવું કહે છે, તક્ષશિલા કે રાજકોટ ગેમ ઝોન જેવી દુર્ઘટના થાય પછી જ કતારગામ ઝોન દ્વારા કામગીરી કરશે ?

સુરત પાલિકાના કતારગામ ઝોનમાં માર્ચ મહિનામાં ડભોલી વિસ્તારની સંખ્યાબંધ સોસાયટીઓએ તેમના વિસ્તારમાં ગેરકાયદે અને જોખમી રીતે ચાલતા ડોમ અને ટેમ્પરરી સ્ટ્રકચર સામે ફરિયાદ કરી હતી.

આ ફરિયાદ બાદ કતારગામ ઝોન દ્વારા દેખાડાની કામગીરી કરી હતી પરંતુ વગ વાળા ડોમ કે સ્ટ્રકચર દૂર કર્યા ન હતા જેના પરિણામે શુક્રવારે રાત્રે આગની દુર્ઘટના બની છે.



માર્ચ મહિનામાં સિલ્વર સ્ટોન વિલા, વિવાન્તા, લોટસ હાટ્સ, લોટસ-૨૪, ઓમ હેરીટેજ, સંકલ્પ શિવાન્ટા, સંકલ્પ હાઈટ્સ, અનંતા, બ્રહ્મલોક, પ્રયોશા એકઝોટીકા, એલીફન્ટા, રોસ્કો, ગોપીન બંગ્લોઝ, બાગબાન બંગ્લોઝ, સ્વરાજ હાઈટ્સ, શુભમ હાઈટ્સ, ક્રિષ્ના એવન્યુ, સર્જન હાઈટ્સ અને પ્રિઝમ લેકયુ જેવી હાઈરાઈઝ અને બંગ્લોઝ વાળી રહેણાંક વાળી બિલ્ડીંગ ના રહીશો દ્વારા ગેરકાયદે રીતે ધમધમતા ગેરકાયદેસર પતરાના શેડ-ડોમ તાત્કાલિક દૂર કરવામાં આવે તેવી માંગણી કરી હતી. જોકે, ત્યારબાદ દેખાવ પૂરતી કામગીરી કરી હતી.

કતારગામ ઝોનની આ પ્રકારની વિવાદી કામગીરી બાદ સ્થાનિક આક્ષેપ કરી રહ્યાં છે કે, આ ગેરકાયદે પ્રવૃત્તિ પાલિકાનો વેરો ભરીને કાયદેસર રહેતા લોકો માટે જોખમી બની રહી છે. તેમની સાથે સ્થાનિક કોર્પોરેટર નરેન્દ્ર પાંડવે પણ ઝોનની કામગીરી સામે આક્ષેપ કર્યો છે તેઓએ કહ્યું છે કે રહેણાંક વિસ્તારમાં આ પ્રકારની પ્રવૃત્તિ ના કારણે રાજકોટ જેવી દુર્ઘટના થાય તેવી ફરિયાદ કરી હતી તેમ છતાં ઝોન દ્વારા પગલાં ભરાયા નથી અને આ દુર્ઘટના બની છે. હવે આ દુર્ઘટના બાદ જવાબદાર અધિકારીઓ સામે પગલાં ભરવામાં આવે તેવી માંગણી તેઓએ કરી છે.

# પાલિકાના કતારગામ ઝોનમાં જીવતા બોમ્બ જેવા સંખ્યાબંધ ટેમ્પરરી સ્ટ્રકચર ડોમ લોકો માટે જોખમી



સુરતના ડભોલી વિસ્તારમાં ઓનલાઈન સામાનનું વેચાણ કરતા એક શેડમાં આગ લાગી હતી જેને બ્રિગેડ કોલ જાહેર કરાયો હતો. જોકે,ડભોલી વિસ્તારમાં જે ડોમૃ શેડ માં આગ લાગી છે તે તો એક સેમ્પલ છે પરંતુ આ વિસ્તારમાં ઓનલાઈન વસ્તુનું વેચાણ કરવા સાથ અનેક વસ્તુનું વેચાણ કરનારા સંખ્યાબંધ ડોમ શેડ જીવતા બોમ્બ જેવા છે. લોકો અને કોર્પોરેટરોની અનેક ફરિયાદ છતાં પણ કતારગામ ઝોન દ્વારા કોઈ આવા સ્ટ્રકચર હટાવવા માટે કોઈ કામગીરી કરવામા આવતી ન હોય આ વિસ્તારના લોકો માથે સતત જોખમ રહેલું છે.

રાજકોટ ગેમ ઝોન દુર્ઘટના બાદ સુરત પાલિકાએ મોટા ઉપાડે ટેમ્પરરી સ્ટ્રકચર-ડોમ સામે કામગીરી કરી હતી પરંતુ તે ક્ષણિક રહી હતી. સુરત પાલિકાના ચોપડે ટેમ્પરરી સ્ટ્રકચર જે આંકડા છે અને સ્થળ પર આંકડા છે તેમા ઘણો મોટો તફાવત છે. આ ઉપરાંત કતારગામ ડભોલી વિસ્તારમાં સંખ્યાબંધ ડોમ-શેડ છે તેમાં ઓનલાઈન વસ્તુનું વેચાણ થાય છે કે, અન્ય વસ્તુનું વેચાણ થાય છે. આવા ડોમ સામે સ્થાનિકોએ ફરિયાદ કરી હતી ત્યારે કતારગામ ઝોને ફરિયાદ થઈ તે સોસાયટીના આસપાસના કેટલાક ડોમ સામે કાર્યવાહી કરી હતી. પરંતુ અન્ય ડોમ કે શેડ સામે કોઈ કામગીરી કરી નથી.

ડભોલી ગોગા ચોકથી ડભોલી ફાયર સ્ટેશન સુધી જતા રસ્તા પર ઓનલાઈન વસ્તુઓનું વેચાણ કરનારા સંખ્યાબંધ ડોમ-શેડ છે તેની ફરિયાદ અગાઉ થઈ હતી પરંતુ ઝોન દ્વારા વિવાદી કામગીરી કરીને આવા ડોમ સામે કોઈ કામગીરી કરવામા આવી નથી. પાલિકાના કતારગામ ઝોનની આ વિવાદી કામગીરીના કારણે ગઈકાલે એક શેડમાં આગ લાગી અને સેંકડો લોકોના જીવ પડીકે બંધાયા હતા. જો ફરિયાદ થઈ હતી ત્યારે જ આ ડોમ સામે કામગીરી કરવામાં આવી હોત તો આ આગ લાગી ન હોત તેવું સ્થાનિકો કહી રહ્યા છે. તો બીજી તરફ લોકો એવું કહે છે કે પાલિકાના કતારગામ ઝોન આવા ડોમ સામે કામગીરી કેમ નથી કરતું તે પણ એક મોટો પ્રશ્ન છે.

# ઓનલાઈન વેપારી યુવાને પૂર્વ પત્ની, મિત્રોએ મારીને ત્રાસ આપતા આપઘાત કર્યો હતો

સુરતના મોટા વરાછા અબ્રામા રોડ ખાતે રહેતા અને મૂળ રાજકોટના 30 વર્ષીય યુવાનના આપઘાતના બનાવમાં ઉત્રાણ પોલીસે યુવાનની સ્યુસાઈડ નોટ અને તેણે બનાવેલા ત્રણ વિડીયોના આધારે તેની પૂર્વ પત્ની અને તેના 11 સ્ત્રી-પુરુષ મિત્રો વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે.પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મૂળ રાજકોટ ગોંડલ આઈટીઆઈ પાસે સાટોડીયા સોસાયટીના વતની અને સુરતમાં મોટા વરાછા અબ્રામા રોડ વાસ્તુ સર્કલ પંચતત્ત્વ રેસિડન્સી ડી-02/402 માં રહેતા 65 વર્ષીય મસુખભાઈ ટપુભાઈ સાટોડીયાનો પુત્ર જયદીપ ( ઉ.વ.30 ) ઘરેથી ઓનલાઇન કુર્તીનો ધંધો કરતો હતો.જયદીપે નર્મદા સાગબારા નિશાળ ફળિયું ગામ ચિત્રા ફળિયું ઘર નં.65 માં રહેતા લાલુભાઈ પી.રાઠવાની



દિકરી શીતલ સાથે 30 ઓક્ટોબર 2023 ના રોજ પ્રેમલગ્ન કર્યા હતા.લગ્ન બાદ જયદીપના પરિવાર સાથે બે મહિના સાથે રહેલી શીતલ નાની નાની વાતે જયદીપ અને પરિવારના અન્ય સભ્યો સાથે ઝઘડો કરતી હતી.શીતલ જયદીપને વાળ પકડીને માર પણ મારતી હતી અને ગાળો આપતી હતી.ઘરમાં ઝઘડા વધતા શીતલ પોતાની રીતે અડાજણ ખાતે કોઈક જગ્યાએ એકલી રહેવા ચાલી ગઈ હતી.જોકે, બાદમાં તેણે ફરી જયદીપનો સંપર્ક કરી સાથે રહેવા કહ્યું હતું અને ઘરે આવી આખો દિવસ ઘરની બહાર બેસી રહેતી હતી.તે હું ઘરના ધાબા ઉપરથી પડી જઈશ અને તમારા ઘરના તમામ સભ્યોને એટ્રોસીટી તથા દહેજના ખોટા ગુનામાં ફસાવી હેરાન પરેશાન કરાવી નાખીશ તેવી ધમકી પણ આપતી હોય 15 ફેબ્રુઆરી 2024 ના રોજ બંનેએ છૂડાછેડા લીધા હતા.દરમિયાન, ગત બીજીની રાત્રે શીતલે જયદીપને અડાજણ ખાતે બોલાવી તેના 11 સ્ત્રી-પુરુષ મિત્રો સાથે મળી માર માર્યો હતો,બાદમાં પિતા વતનમાં લગ્નપ્રસંગમાં ગયા હતા ત્યારે ચોથીની રાત્રે જયદીપે મોટા વરાછા દુખીયાના દરબાર રોડથી લાલ તંબુ તરફ જવાના રસ્તા ઉપર હની બંગ્લોઝના ખુલ્લા પ્લોટમાં ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે કાપોદ્રાની પી.પી.માણીયા હોસ્પિટલમાં દાખલ કર્યો હતો.

તેના મોબાઈલ ફોનમાંથી પણ ઝેરી દવા પીધી તે પહેલા બનાવેલા ત્રણ વિડીયો મળ્યા હતા,તેમાં પણ તેણે પૂર્વ પત્ની શીતલ અને તેના મિત્રોના ત્રાસ અંગે કહ્યું હતું.તેના આધારે જયદીપના પિતા મનસુખભાઈએ ગતરોજ ઉત્રાણ પોલીસ મથકમાં શીતલ લાલુભાઈ રાઠવા ( ઉ.વ.26 ), પ્રણાલી, ટીના, રૂચિત, મોસીન ટાઈગર, રીચા, નીરવ, આયાન, કંચન, હીના, દેવલ અને યુવી વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.વધુ તપાસ સેકન્ડ પીઆઈ એન.જી.પટેલ કરી રહ્યા છે.સુરત, : જયદીપે સ્યુસાઈડ નોટમાં લખ્યું હતું કે મમ્મી પાપા મને માફ કરજો, હું હારી ગયો છું.મારી લાઈફ બગાડી નાખી અને મે એને બોવ મોકા આપ્યા એણે મારી સાથે ખોટુ કર્યું, બધા એ ના પાડી છતા મે એને પાછો મોકો આપ્યો અને તેણે મારી ગેમ રમી.મારા મરવા પાછળ બોવ બધા લોકો છે,પ્રનાલી, ટીના, રૂચિત, મોસિન, રીચા, નિરવ, આયાન, કંચન, હીના, દેવલ, યુવી, હજી બી છે જેના નામ નથી ખબર.હુ આ લોકોના લિધે મારી લાઈફ ખરાબ થઈ ગઈ અને મે બહુ બધુ સહન કર્યું.હવે મારામાં હિમ્મત નથી આ લોકો મને મારે છે આ મારા ફ્રેંડ બી મારી નાખવા સુધી મને મારી નાખવા બોલ્યા છે મારા પર ખોટા કેસ મારી વાઈફ પાસેથી કરાવ્યા હતા.મારા ઘરે આવીને મમ્મી પપ્પા બહેનને ધમકી આપે છે.

Printed, Published & owned by Dilip Nanjibhai Patel Printed at Taptilok Publication Plot No. 152/153, Shree Ram Industrial Estate, Pandesara GIDC, Opp Petrol Pumb Surat. Published at Flat No. 301, Building - A Madhav Residency, Near Angan Residency, karadva Road, Dindoli Dist Surat - 314210 Gujarat Editor Dilip Nanjibhai Patel